**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫-૦૦** આજીવન **૨૫૧**-૦૦
વિદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦-૦૦ (વિમાનથી) આજીવન ૩૦૦૦-૦૦

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯**
- ADHYATMA Email Address : adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા(કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી. ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર–૧. ફોન : ૩૨૯૦૫૦૭

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

**• You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"**

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| વિદ્યા અને અવિદ્યાનો સમન્વય | શ્રી યોગેશ્વરજી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| શ્વેતવસ્ત્રધારી સંન્યાસી–મહાત્મા યોગેશ્વરજી | નારાયણ હ. જાની | ૧૧ |
| પૂ. શ્રી માની સંનિધિમાં ત્રિવિધ પર્વની ઉજવણી | ડૉ. બી. જે. જાગાણી | ૧૮ |
| સમંદરને પેલે પાર | મા સર્વેશ્વરી | ૨૩ |
| સાધનાપથના ચાર પુરુષાર્થ | ડૉ. કાલીદાસ પ્રજાપતિ | ૩૫ |
| ચિંતનીકાર્ણો | 'જીવનદર્શન'માંથી | ૩૮ |
| પૂ. શ્રી કાલીદાસભાઇ | મા સર્વેશ્વરી | ૪૧ |
| ગ્રાહકો આ ફેરફારને નોંધી લે | — | ૫૧ |
| શ્રી જગજીવન બાપુને પ્રખર યોગી શ્રી અરવિંદ ઘોષનું તેડું | મીનળબેન વોરા | ૫૨ |
| રામચરિત માનસનું રસદર્શન–(૭) | નિર્ભયરામ કા. વૈષ્ણવ | ૬૦ |

# વિદ્યા અને અવિદ્યાનો સમન્વય

**શ્રીયોગેશ્વરજી**

તમને શું એમ નથી લાગતું કે ભારતના મહાપુરુષોએ કેવળ આત્મવિદ્યાનો જ ઉપદેશ આપ્યો છે, એ વિદ્યાનો જ આશ્રય લેવાની આજ્ઞા કરી છે, અને ભૌતિક ઉત્કર્ષ પ્રત્યે ઉપેક્ષાની દૃષ્ટિથી જોયું છે? એ દૃષ્ટિ, ઉપદેશ કે સંદેશને લીધે દેશને પારાવાર નુકસાન વેઠવું પડ્યું છે. એટલે એ ભૂલ સુધારવી જોઈએ એવું પણ નથી લાગતું?

એવો પ્રશ્ન કેટલાક લોકો તરફથી અવારનવાર પૂછવામાં આવે છે. એમને ભારતીય સંસ્કૃતિ ને ભારતનાં ધર્મશાસ્ત્રોનો પૂરતો અભ્યાસ નથી એટલું જ. એટલે જ એ એ પ્રકારના પ્રશ્નો પૂછતા હોય છે. એમને આપણે કહીશું કે ભારતના પ્રાતઃસ્મરણીય મહાપુરુષો, ભારતની સંસ્કૃતિ અને ભારતનાં શાસ્ત્રો વિશે ફાવેતેવા વિચારો વ્યક્ત કરતાં પહેલાં કે મનગમતા અભિપ્રાયો આપતાં પહેલાં એમને સહાનુભૂતિથી, સારી રીતે, સમજવાની કોશિશ કરો. તો તમને સમજાશે કે તમારું દૃષ્ટિબિંદુ બરાબર નથી, ભૂલભરેલું છે, અને એ ભૂલ સુધારવાની જરૂર તમારે જ છે.

તો શું ભારતના મહાપુરુષોનો, ભારતનાં ધર્મશાસ્ત્રોનો કે ભારતીય સંસ્કૃતિનો સંદેશ એક તરફી નથી? તે સંદેશ જીવન અને જગતની ઉપેક્ષા કરવાનો મંત્ર પૂરો પાડીને માનવને કેવળ અધ્યાત્મપરાયણ થવાની જ આજ્ઞા નથી આપતો?

એ પ્રશ્નોના ઉત્તરમાં પણ આપણે કહીશું કે ના. ભારતીય



સંસ્કૃતિનો સંદેશ એવો એક તરફી કે એકાંગી નથી, પરંતુ સર્વાંગી છે. એ સંસ્કૃતિ જીવન અને જગતની ઉપેક્ષા કરવાનો ઉપદેશ આપે છે ને માનવને માત્ર આધ્યાત્મિક વિકાસના માર્ગે જ આગળ વધવાની પ્રેરણા પૂરી પાડી છે એમ માનવું ખોટું છે. એ સંસ્કૃતિએ પોતાના પ્રાતઃસ્મરણીય મહાપુરુષો તેમ જ ધર્મ-ગ્રંથોદ્વારા આત્મિક વિકાસની પ્રેરણા પૂરી પાડી છે એ સાચું છે, પરંતુ એનો સંદેશ ત્યાં આગળ અટકી ગયો છે અને જીવનના બીજા વિકાસ તરફ એણે આંખમીંચામણા કર્યા છે અથવા તો ઘૃણાની નજરે જોયું છે એવો અભિપ્રાય આપવો બરાબર નથી. સાચી હકીકત તો એ છે કે એ સંસ્કૃતિએ માનવને અધ્યાત્મ-પરાયણ થવાનો આદેશ આપવાની સાથે સાથે, જીવનની મહત્તા કહી બતાવીને જીવનને ચાહતાં શીખવ્યું છે, જગતને ચાહતાં શીખવ્યું છે, અને જીવનની સુખાકારી તથા સંસિદ્ધિ માટે અધ્યાત્મવિદ્યા સિવાયની બીજી વિદ્યાઓમાં પણ પ્રવીણ થવાનું કહ્યું છે. ભારતીય સંસ્કૃતિનો પૂરેપૂરો ને પ્રમાણભૂત પડઘો પાડનારાં ઉપનિષદોનો અભ્યાસ કરવાથી એ વાતની સાબિતી સહેજે મળી રહેશે. ઈશાવાસ્યોપનિષદ્ જે પ્રમાણમાં ઘણું નાનું પરંતુ ગુણવત્તાની દૃષ્ટિએ મોટું છે તેમાં કહેવામાં આવ્યું છે કે "વિદ્યા અવિદ્યા ચ યસ્તદ્વેદોભયં સહ, અવિદ્યયા મૃત્યું તીર્ત્વા, વિદ્યયા અમૃતમશ્નુતે." એટલે કે વિદ્યા અને અવિદ્યા—એ બંનેના રહસ્યને જે જીવનમાં સાથેસાથે જાણી લે છે, તે અવિદ્યાથી મૃત્યુને તરી જાય છે, ને વિદ્યાની મદદથી અમૃતપદની પ્રાપ્તિ કરી લે છે.

એ શ્લોકનો વિચાર શાંતિપૂર્વક કરવાજેવો છે. ઋષિ કહે છે કે અમૃતપદની પ્રાપ્તિ કરવી હોય, પરમ શાંતિ મેળવવી હોય,

પરમાત્માને ઓળખવા હોય, જીવન અને જગતના રહસ્યનો તાગ મેળવવો હોય, તો અધ્યાત્મવિદ્યાનો આધાર લો; એ એક માત્ર અધ્યાત્મવિદ્યાથી જ થઇ શકશે; પરંતુ મૃત્યુને તરી જવા માટે અવિદ્યાની આવશ્યકતા છે. એનો આધાર લઇને મૃત્યુને તરવું પણ એટલું જ આવશ્યક છે. હવે પ્રશ્ન એ થાય છે કે અધ્યાત્મવિદ્યાનો આધાર લઇને અમૃતમય તો બની શકાય, પરંતુ અવિદ્યાનો આધાર લઇને મૃત્યુને કેવી રીતે તરી શકાય? અવિદ્યાનો સામાન્ય અર્થ તો અજ્ઞાન થાય છે. એનાથી તો શાસ્ત્રોએ સંપૂર્ણપણે મુક્ત થવાનું કહ્યું છે. એની મદદ તો બધી રીતે નકામી છે કારણ કે એ તો તારવાને બદલે ડૂબાડે છે. તોપછી ઋષિએ આવો ઉપદેશ કેમ આપ્યો? શું એમની ભૂલ થઇ છે? આપણે કહીશું કે ના. ભૂલ ઋષિની નથી પણ એમને સમજનારની છે. વિદ્યા એટલે અધ્યાત્મવિદ્યા એ તો સાચું, પણ અવિદ્યાનો અર્થ અજ્ઞાન નથી થતો. અ–વિદ્યા એટલે અધ્યાત્મ-વિદ્યા સિવાયની બીજી લૌકિક વિદ્યા. એવી લૌકિક વિદ્યાઓ પણ જીવનને માટે એટલી જ આવશ્યક છે, એ સંદેશ ઋષિએ પૂરો પાડ્યો છે. એ વિદ્યાઓના પ્રતાપથી મૃત્યુને તરી જવાશે એટલે શું થશે તે જાણો છો? મૃત્યુ એટલે લાચારી, પરાવલંબન, પરાધીનતા, દીનતા, ભૂખમરો, ગરીબી કે કંગાલિયત. એ એક જાતનું મૃત્યુ જ છે. એ મૃત્યુમાંથી મુક્તિ મેળવવા માટે વ્યક્તિ તથા સમષ્ટિએ ભૌતિક કળાઓ, વિદ્યાઓ કે શાસ્ત્રોનો આધાર લેવાનો છે, ને જીવનના શ્રેયને માટે અધ્યાત્મવિદ્યાનો પ્રબળ પ્રેમ પેદા કરવાનો છે. એવી વિશાળ રીતે સમજવાથી ઉપ-નિષદના એ કથનને યથાર્થ રીતે સમજી શકાશે, ને ભારતીય સંસ્કૃતિ, સંતો ને શાસ્ત્રોને નામે ફાવે તેવા અભિપ્રાયો આપવા-



ની પ્રવૃત્તિ બંધ થશે. ભારતીય સંસ્કૃતિ તરફ એક જાતનો આદરભાવ ઉત્પન્ન થશે.

એ સંસ્કૃતિના સૂત્રધારોએ ધર્મની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે 'યતોઽભ્યુદયઃ નિઃશ્રેયસઃ સઃ ધર્મ' જેની મદદથી માનવ કે માનવસમાજનું આત્મિક કલ્યાણ જ ના થાય, પરંતુ સાથે સાથે એની સુખાકારી, સમૃદ્ધિ, ને ઉન્નતિ પણ સિદ્ધ થાય, તે જ ધર્મ છે. એટલા માટે તો ધર્મના ધ્યેય તરીકે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારેનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. એ સંદર્ભમાં ઈશાવાસ્ય ઉપનિષદનું વચન સહેલાઈથી સમજી શકાશે.

ભારતવર્ષમાં જ્યારથી ભૌતિક વિદ્યા અને આધ્યાત્મિક વિદ્યા બંનેનો સન્વય કરવાની વાત ભૂલાઇ ગઇ ત્યારથી પ્રજાની સ્થિતિ કફોડી બની ગઇ. પ્રજા કંગાલ, પછાત ને પદદલિત થઇ. હવે ભારત ભૌતિક વિદ્યાનું ને ભૌતિક ઉત્કર્ષનું મહત્ત્વ સમજ્યું છે, અને એ દિશામાં અવનવા પ્રયોગો પણ થઇ રહ્યા છે, એ એક ઘણું સારું આવકારદાયક ચિહ્ન છે. છતાં પણ જેને લીધે એનું બહુમાન છે એ અધ્યાત્મવિદ્યાને તથા આધ્યાત્મિક ઉત્કર્ષને પણ એણે ભૂલવાનો તો નથી જ. જ્ઞાનવિજ્ઞાનના ક્ષેત્રોમાં ગમે તેટલી આગળ વધનારી પ્રજા આધ્યાત્મિકતાના આત્મા જેવાં નીતિ ને સદાચારનાં મૂલ્યોથી રહિત હોય તો આદર્શ તથા શક્તિશાળી પ્રજા નથી થઇ શકતી એ યાદ રાખવા જેવું છે.

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૨૮ ઓગસ્ટ—૨૦૦૭ અંક ૧૧

# શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**તા. ૨૮—૧૨—૮૧ સોમવાર, પોષ સુદ બીજ,**
**વિ. સં. ૨૦૩૮, સ્થળ : લોસ એન્જલસથી ન્યુ યોર્ક.**

આજે વિદાયનો દિવસ. સાત વાગ્યે પૂ. શ્રીની આરતી ઉતારી, ફૂલોનો હાર પહેરાવી પૂ. શ્રીને ઘરના સૌ સભ્યોએ નીચે મુજબનું પદ ગાતા ગાતા ત્રણ વાર સમૂહમાં પ્રણામ કર્યા.

દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત,
તે જ્ઞાનીના ચરણમાં વંદન હો અગણિત.
પરમ પુરુષ પ્રભુ સદ્‌ગુરુ, પરમજ્ઞાન સુખધામ,
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ.
પડી પડી તુજ પદ પંકજે, ફરી ફરી માંગુ એક,
સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દઢતા કરી દે.

પૂ. શ્રીએ 'પ્રસાદ' ભજન સંગ્રહનું એક ગીત સંભળાવ્યું—



'અમારી યાદ સદા રાખજો' એ શબ્દો હતા. ત્યાં તો સાન ફ્રાન્સીસકોથી આશાનો ફોન આવ્યો. પૂ. શ્રીએ સૌ સાથે વાતો કરી. સૌને 'પ્રભુસ્મરણ કરતાં રહેજો' વગેરે કહ્યું. સૌએ ફરી નમસ્કાર કર્યા. ગાડીમાં બેઠા. માર્ગમાં 'હવે વહેલા વહેલા આવજો' વગેરે વાતો થઇ.

એરપોર્ટ પર શ્રી ધીરુભાઇ, શ્રી મણીબેનનો પરિવાર, શ્રી હીરાભાઇ વગેરે મળ્યા. સૌ સાથે પૂ. શ્રીએ થોડી વાતો કરી વિદાય લીધી. સૌએ વિદાયના ફરી પ્રણામ કર્યા.

યુનાઇટેડ એરલાઇન્સનું ૪૦૪ નંબરના વિમાનમાં ૨૦—એ અને બી સીટ નંબર પર બેઠા. નવ વાગ્યે વિમાન ઉપડ્યું. ૩૮૪ બેઠકવાળા એ વિમાનમાં બધા મળીને કુલ ત્રીસ જેટલા જ પ્રવાસીઓ બેઠા હતા! લોસ એન્જલસથી ન્યુ યોર્ક ત્રણ હજાર માઇલ દૂર છે. ત્યાં પહોંચવા માટે પાંચ કલાક વિમાનમાં બેસવાનું હોય છે. લોસ એન્જલસથી ન્યુ યોર્કનું ઘડિયાળ ૩ કલાક આગળ હોય છે. બધાને પટ્ટો બાંધવાની સૂચના વિમાન-માં આપવામાં આવે છે ત્યારે પૂ. શ્રી પટ્ટો બાંધતા નથી. કહે છે, 'એ બંધન પણ શા માટે?' જગદંબા સારી રીતે લઇ જશે એમ જાણ્યા પછી જ વિમાનમાં બેસવાનું બને છે. એટલે પટ્ટા બાંધીએ કે ન બાંધીએ તો પણ સલામત રીતે ઉડીશું ને ઉતરીશું. એટલે આજે પણ પૂ. શ્રી પટ્ટો નથી બાંધતા. એર હોસ્ટેસ પટ્ટા બાંધ્યા કે નહીં તે જોવા આવે છે. પણ પૂ. શ્રી તરફ હંમેશા એની નજર જતી જ નથી. વળી જ્યારે વિમાનમાંથી બહાર જવાનું હોય ત્યારે એર હોસ્ટેસ 'ગુડ ઇવનીંગ' કે 'ગુડ નાઇટ' કે 'બાય' કરતી હોય ત્યારે પૂ. શ્રી તેને 'હરિઃ ૐ' કહીને પસાર થાય! એર હોસ્ટેસને સમજ તો ન પડે પણ કદાચ નવાઇ લાગતી હશે.

૪:૨૦ મિનિટે તો અમારું વિમાન ન્યુ યોર્ક એટલે કે ન્યુ જરસીના એરપોર્ટ પર આવીને ઉભું રહી ગયું! ત્રણ હજાર માઇલ ખૂબ ઝડપથી કાપી નાંખ્યા! એરપોર્ટની બહાર જ શ્રી વિનોદભાઇ, શ્રી સરોજબેન આવીને ઉભાં હતાં. શ્રી વિનોદ-ભાઇએ 'પ્રકાશના પંથે' પુસ્તક વાંચીને તેઓ ભારત આવ્યા ત્યારે પૂ. શ્રીને 'અમેરિકા આવો તો અમારે ત્યાં પણ આવજો' એમ આમંત્રણ આપ્યું હતું. પરિચય ફક્ત પુસ્તકનો જ હતો! જો કે એ પુસ્તકના વૃત્તાંત ઉપરથી આખુંયે જીવન પૂ. શ્રીના વ્યક્તિત્વને સમજવા પૂરતું છે.

ઘરે આવી ગયા. નોર્થ બરગન નામના શહેરમાં ૮૨૨૪ નંબરના મકાનમાં આવી ગયા. શ્રી વિનોદભાઇ, સરોજબેને ફૂલના ગુચ્છા આપી ફરી પ્રણામ કર્યાં. પછી થોડો આરામ કર્યો. આરામ બાદ ૮:૦૦ થી ૯:૦૦ સત્સંગ થયો. જેમાં શરૂ-આતમાં એક બેને ભજનો ગવડાવ્યાં. જેમાં 'અમર તું રાખજે મા, મા મારો ચુડી ને ચાંદલો' એ ભજન પણ હતું. જેથી પૂ. શ્રીએ આજે 'સૌભાગ્ય' ઉપર જ પ્રવચન આપ્યું. જેમાં મીરાં-બાઇના જીવનની વાતો કરી. સત્સંગમાં ૧૦—૧૨ ભાઇઓ અને ૫—૬ બેનો બેઠાં હતાં. શ્રી વિનોદભાઇ જ્યાં રહે છે ત્યાં ત્રણ રૂમ, રસોડુ ને બેઠકરૂમ છે. વળી નીચે એક દુકાન છે, જે ભાડે આપી છે ને ત્રીજે માળે પણ એ જ રીતે ત્રણ રૂમ, રસોડુ ને બેઠકરૂમ છે.

પૂ. શ્રી જેવા મહાન પુરુષ પોતાને ત્યાં પધારે છે તેથી તેઓએ પોતાને રહેવાનું જે સ્થાન હતું તે આખુંયે પૂ. શ્રી માટે તૈયાર કર્યું. પોતે પરિવાર સાથે ઉપરના માળે રહેવા ગયા! એટલે પૂ. શ્રીનો અહીં જ્યાં ઉતારો છે ત્યાં ત્રણ રૂમ, રસોડું ને



બેઠકરૂમ છે. ધન્ય છે વિનોદભાઇની ભાવનાને! વળી પૂ. શ્રીના આગમન નિમિત્તે બે નવા પલંગો, ગાદલાં, ચાદર, ઓશીકાં, રજાઇ, ટુવાલ, રૂમાલ વગેરે બધું જ નવું ખરીદ્યું છે! વાસણો પણ સ્ટીલનાં નવા જ ખરીદ્યાં છે! શ્રી સરોજબેને વાતમાં કહ્યું, 'અમારા કેવા અહોભાગ્ય કે અમારે ત્યાં મહાત્માજી પધારે. જેથી અમે નક્કી કર્યું કે બધું જ નવું ખરીદીએ. પૂ. શ્રી એ નવી જ વસ્તુઓ વાપરે.'

પરદેશમાં રહીને પણ સંતો પ્રત્યે કેવી ભાવના છે! તે જોવાનું સદ્‌ભાગ્ય મળે છે. શ્રી વિનોદભાઇએ પ્રવચનની પત્રિકા પણ છપાવી છે. (આગળના પાના પર તે પત્રિકાની નકલ છે). વળી એમના બેઠકના ઓરડામાં રામકૃષ્ણદેવ, વિવેકાનંદજીના ફોટા, અંબામાતાનો ફોટો જોવા મળ્યો. એ જ રીતે પૂ. શ્રીના ઓરડામાં ભગવાન દત્તાત્રેય, રામકૃષ્ણદેવ, વિવેકાનંદ, ગણપતિ, સરસ્વતિ, વગેરેના ફોટા જોવા મળ્યા. જાણે કે પૂ. શ્રીનો આખોયે રૂમ દેવસ્થાન ન હોય! અને સર્વેશ્વરીના ઓરડામાં દેવસ્થાન હતું જેમાં શ્રીરંગઅવધૂત મહારાજ, શ્રીદત્તાત્રેય, રામકૃષ્ણદેવ, વિવેકાનંદ, ગણપતિ, સરસ્વતિ, વગેરેના ફોટા જોવા મળ્યા. રાધાકૃષ્ણની પૂજા હતી. જ્યાં ચોવીસ કલાક દીવો ચાલુ જ રહેતો હતો.

પૂ. શ્રીએ હળવો નાસ્તો લઇ આરામ કર્યો.

હરિઃ ૐ. હરિઃ ૐ. હરિઃ ૐ.

(ક્રમશઃ)

# શ્વેતવસ્ત્રધારી સંન્યાસી—મહાત્મા યોગેશ્વરજી

નારાયણ હ. જાની

મહાત્મા યોગેશ્વરજીની ઓળખ એક શ્વેતવસ્ત્રધારી સંત તરીકેની બની રહી, તેનું એક મહત્ત્વનું કારણ એ રહ્યું કે એ મહાપુરુષે પોતાના જીવનમાં બાહ્યત્યાગને બદલે આંતરિક ત્યાગના મૂલ્યને યથાર્થ રીતે પીછાણ્યું; તેથી જ તેઓ ભગવા વસ્ત્ર પરિવર્તનની લોભામણી પ્રક્રિયાથી બચી શક્યા.

ઘણી નાની ઉમ્મરે ઘરનો પરિત્યાગ કરતી વખતે પોતાની વિધવા માતા જ્યોતિર્મયીને તેઓએ કહેલું, ''માતાજી, હું બાવો બનવા હિમાલય જતો નથી હું તો પ્રભુની પ્રાપ્તિ માટે જાઉં છું. ત્યાંના બાહ્ય પવિત્ર વાતાવરણનો લાભ લઈ, વહેલામાં વહેલી તકે મને પ્રભુપ્રાપ્તિ થઈ જાય, ત્યાં વિચરતા સાચા પ્રભુપ્રેમી સંતોનું માર્ગદર્શન અને સહવાસ મળી જાય, તો મારું ધ્યેય જલ્દીથી પ્રાપ્ત કરી શકું; તે ભાવથી જાઉં છું તમારો ત્યાગ કરવાનું મેં કદી વિચાર્યું નથી. તમારી જે સાંસારિક જવાબદારી છે (વૃદ્ધ અંધત્વ પામેલાં સાસુની સેવાની) તે પૂરી થઈ જતાં, તમોને પણ હું મારી સાથે જ રાખીશ અને આપણે સાથે રહી—સાધના કરતાં પ્રભુપરાયણ જીવન જીવીશું. મારા વચનમાં વિશ્વાસ રાખજો.''

કેવી સુસ્પષ્ટ સમજ ને ઘરનો ત્યાગ કરી શું મેળવવાનું છે તેની સ્પષ્ટ વિચારસરણી—પૂ. શ્રીમાં પહેલેથી જ હતી. વળી તેઓએ એવા ઘણા બધા બાહ્યત્યાગી ભગવાધારી સાધુઓ જોયા, જેમનામાં ન હતો પૂરો વૈરાગ્ય કે ન હતો ત્યાગ. કેવળ



સાંસારિક મુશ્કેલી કે કોઈ પ્રલોભન મળી જતાં, બાહ્યત્યાગ તો કરી બેઠા, પણ પછી લક્ષ્યવિનાનું જીવન ગમે તેમ રખડપટ્ટીમાં, ગાંજો કે ચલમો પીવામાં, શરીરે ભસ્મોચોળી મહાત્યાગી દેખાવામાં, તીર્થસ્થાનોમાં પડી રહી અન્નક્ષેત્રોની મફતની ભીક્ષા ખાઈ નિરર્થક જીવન વેડફી રાખનારા—તેઓશ્રીના જોવામાં ખૂબ આવ્યા. કેટલાય લેભાગુ ભગવાં વસ્ત્રોધારી લોકોને છેતરતા પણ જોયા. ભોળા લોકો બાહ્યત્યાગને જોઈને પ્રભાવિત થતાં હોવાથી, વસ્ત્રો એક જ સાચા ત્યાગીની ઓળખ ન બની રહે—તે વાત સમજે નહિ, તેથી છેતરાય, ઠગાય અને પાછળથી પસ્તાય પણ ખરા.

આપણામાં કહેવત છે કે, 'એક નૂર માનવી, હજાર નૂર કપડાં.' એટલે માણસે પહેરેલાં કપડાં જો સરસ શોભાવાળાં હોય તો તેનું આંતરિક મૂલ્ય ભલેને ઓછું હોય, કિન્તુ તેને જોનારાની દૃષ્ટિમાં તેનું મૂલ્ય વધી જાય છે. સાંસારિક વ્યવહારમાં આ કહેવત કેટલાક અંશે સાચી પણ છે. તો ત્યાગીઓના સમુદાયમાં પણ ભગવાં વસ્ત્રોનું મૂલ્ય ઊંચું.

કિન્તુ આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ—બાહ્ય ત્યાગને જ જોઈને સમાજના મોટાભાગના માણસો વ્યક્તિઓને આવકારવા કે સન્માનવા લાગી જાય છે. હિંદુધર્મમાં ભગવા વસ્ત્રધારી પુરુષો પ્રત્યે એટલે જ વિશેષ આદર ને સન્માનભાવ દર્શાવાતો જોવામાં આવે છે. ભગવા વસ્ત્રને ત્યાગનું પ્રતીક સમજવામાં આવે છે, પરંતુ આજના યુગમાં—આવા ભગવાં વસ્ત્રો ધારણ કરનારાઓની ઘણી મોટી સંખ્યા જોવામાં આવે છે—કિન્તુ તેઓમાં તે વસ્ત્રો ધારણ કરવાની યોગ્યતા બહુ જ અલ્પ સંખ્યકોમાં હોય છે.

એ સાચું છે કે ભગવો રંગ અગ્નિની જ્વાળાઓનો સૂચક છે. એટલે કે જે માણસના મનની સઘળી જ કામનાઓ ઇચ્છાઓ કે વાસનાઓ વૈરાગ્યના અગ્નિમાં જલી ગઇ હોય, દુનિયાની કોઇ ભૌતિક સંપત્તિ, પદ કે પ્રતિષ્ઠા આકર્ષી શકતી ન હોય, મનમાં સહજ ઉપરામતાને પરિણામે અખંડ શાન્તિ, સમતા ને સ્થિરતા પ્રવર્તતી હોય. આવી વિરલ વ્યક્તિ ભગવાં વસ્ત્ર ધારણ કરવાની યોગ્યતાના અધિકારી બની રહે છે.

પૂ. શ્રી પહેલેથી સમજી ગયેલા કે પ્રભુપ્રાપ્તિ માટે બદલાવવાની જે જરૂર છે તે વસ્ત્ર નહિ, પરંતુ મન છે. મનને ત્યાગ કે વૈરાગ્ય વિનાનું કર્યા વિના કેવળ વસ્ત્ર બદલવાથી, પ્રભુપ્રાપ્તિ માટે અતિ આવશ્યક એવી ઉત્કટતા કે વ્યાકુળતા સાધકના દિલમાં ક્યાંથી આવવાની? એથી એ મહાપુરુષે પોતાના અભ્યાસકાળથી જ મનના દોષો જેવા કે રાગદ્વેષ, કામ—ક્રોધ ને મોહને દૂર કરવા માટે પૂરતી કાળજી લીધેલ. એથી તેઓ જ્યારે ઋષિકેશ ને દેવપ્રયાગમાં વસ્યા, સાધના માટે ગયા ત્યારે રાગી કે દાગી મનની સમસ્યાનો તેમને સામનો કરવાનો પ્રશ્ન જ ઊભો ન થયો. તેથી તેઓ પોતાની સઘળી શક્તિ પ્રભુપ્રાપ્તિના એકમાત્ર ધ્યેયમાં લગાડી શક્યા.

પૂ. શ્રીના જીવનમાં નાનપણથી જ ઘર પ્રત્યેનું મમત્વ કે આસક્તિ થાય તેવી પરિસ્થિતિ નિર્માણ નહોતી થઇ. થાય તે પહેલાં જ આઠ વર્ષની ઉમ્મરે ગામડાંનું ઘર અને માતા તથા બેનને છોડી છેક મુંબઇ ભણવા જવાનું થયું—વળી ત્યાં સંસ્થામાં રહેવાનું હતું. એથી ઘર કે કુટુમ્બનું કોઇ સામાજિક કે સાંસારિક વાતાવરણ જ નહોતું. જો કે ત્યાં સમસ્યાઓ તો હતી, પણ તે બીજા પ્રકારની. સંસ્થાના વડાનું વર્તન અને બીજા મોટા



વિદ્યાર્થીઓ સાથે ગપ્પાં મારવામાં કે ટોળટપ્પામાં કદી સમય વેડફતા નહિ, તેઓએ અભ્યાસકાળના એ સમયનો ઉપયોગ મનની સુધારણા ને આત્મિક સાધના માટે, આવશ્યક સમજ પ્રાપ્ત કરવાના અભ્યાસ, ચિંતન ને મનનમાં કર્યો.

પોતામાં શ્રદ્ધાભક્તિ ધરાવતા એક શિક્ષિત યુવકે પૂ. શ્રીને, વિનંતી કરી કે મને સંસારની બાબતોમાં રસ નથી. મારું મન પૂરેપૂરું વૈરાગ્યયુક્ત છે. તો મારે સંન્યાસદીક્ષા લેવી છે. મને માર્ગદર્શન આપો.

પૂ. શ્રીએ પૂછ્યું, ‘‘મા—બાપ છે?’’

ઉત્તર : ‘હા છે. વૃદ્ધ છે.’

પૂ. શ્રી : તો તેમની સેવા કરે તેવા બીજા ભાઇઓ છે?

ઉત્તર : બીજા ભાઇઓ છે, પણ તેઓ તેમની સેવા કરશે જ તેવી કોઇ ખાત્રી નથી.

પૂ. શ્રી : તો પછી તેમની સેવા કરો, અને તે માટે આ શ્વેતવસ્ત્રો પહેરો છો તે જ ઉત્તમ છે. યાદ રાખો કે એક વાર ભગવું ધારણ કર્યું, પછી તમે સેવા કરવાને બદલે બીજાઓની સેવા લેતા થઇ જશો. અરે, તમારા ખુદના ભોજન માટે પણ તમારે બીજાઓ પર આધાર રાખવો પડશે. અત્યારે સેવાભાવી સંસ્થાઓમાં કામ કરી તમે જાતે કમાઓ છો ને તમારી જાત પર આધાર રાખી જીવો છો તે પછીથી નહિ થઇ શકે. તમારે સહાય માટે બીજા સામે તાકવું પડશે. ખરું કે નહિ? પૂ. શ્રીની આ વાત પેલા સાધકના ગળે ઉતરી ગઇ અને એણે દીક્ષા લેવાનો વિચાર માંડી વાળ્યો. આજેય તે શ્વેતવસ્ત્રધારી સાધકનું જીવન જીવે છે.

પૂ. શ્રી કહેતા કે કોઇ પણ મનુષ્ય ભલેને તે પ્રભુના માર્ગે

જવા ઉત્સુક હોય, ત્યાગ કરવા પણ તત્પર હોય, પરંતુ સાધના દરમ્યાન પણ તેને ભોજન અને આશ્રયની જરૂર તો પડવાની જ. એટલે તેઓ કોઈ પણ વ્યક્તિને ઉતાવળે ઘરનો પરિત્યાગ કરવાની સલાહ ના આપતા. તેમાં ખાસ કરી બહેનોને તો નહિ જ, કારણ ઘર જેવી સલામતી બહેનો માટે બહાર નથી.

પૂ. શ્રી સાધનાના પ્રારંભકાળથી જ સમજી ગયેલા કે પૂરા વૈરાગ્ય વિના ત્યાગ કરવો કદાચ સહેલો હશે, પણ તેને ટકાવવો અઘરો છે. અને અધકચરા વૈરાગ્યવાળા ઉતાવળે ભગવાં ધારી લીધેલા, ઘણી બધી સમસ્યાઓ સર્જે છે. પોતે જે વસ્ત્રો ધારણ કર્યાં છે, તેને દીપાવી શકતા નથી કે ફરી તેનો ત્યાગ કરી સંસારમાં પાછા આવી શકતા નથી. ઘણીવાર સમાજ તો શું, પણ તેમના પરિવારના માણસો જ તેમને સ્વીકારવા તૈયાર થતાં નથી. આ એક વાસ્તવિકતા છે.

પૂ. શ્રીના જીવન વિષે જ વિચાર કરીએ, તો શું તેઓ ભગવું ધારણ કર્યા પછી પોતાની માતાને સાથે રાખી શકત? સાધનાકાળ દરમ્યાન પૂ. માતાજીનો સમજપૂર્વકનો સાથસહકાર મળ્યો, તેનાથી પૂ. શ્રીને ઘણી રાહત રહેતી, તે પણ અમે જોયેલું. એટલે એક વખત અંગત વાતચીતમાં પૂ. શ્રીએ કહેલું કે પૂ. માતાજીને અમારી સાથે રાખવાથી અમને કદી એવું લાગ્યું નથી કે તેનાથી અમારો વૈરાગ્ય ઓછો થઈ ગયો છે ને પ્રભુપ્રાપ્તિમાં માતાજીનો સહવાસ બાધક બન્યો છે. સાધનામાં સૌથી મોટું બાધક હોય તો તેનું મન છે. એ મન જો એકવાર શુદ્ધ ને પવિત્ર થઈ જાય તો સાધકને પછી સ્ત્રી અને પુરુષનો કોઈ જાતિભેદ નડતો નથી. એના ઉદાહરણો આપતાં તેઓ કહેતા કે રામકૃષ્ણ પરમહંસ ને શારદામા. યોગીશ્રી અરવિંદ



અને પૂ. માતાજી, સ્વામી શ્રી રામદાસ અને શ્રી કૃષ્ણાબાઈ, શ્રી રંગ અવધૂતજી અને તેમના માતુશ્રી. આ મહાપુરુષોએ ભગવાં પહેર્યાં નહિ. શ્વેતવસ્ત્રધારી જ રહ્યા અને છતાં પ્રભુપ્રાપ્તિ કરી શક્યા.

પૂ. શ્રીએ ભલે ભગવું ના પહેર્યું, પરંતુ તેઓનો ત્યાગ અને વૈરાગ્ય કોઈ પણ શ્રેષ્ઠ ભગવાધારી કરતાં સહેજ પણ ઉતરતો ન હતો. પ્રભુપ્રાપ્તિ માટે ભગવું આવશ્યક જ છે, એવું તેઓએ કદી ના માન્યું. આમ છતાં તેઓ ભગવાધારીનો આદર પણ કરતા. તેમના કાર્યક્રમોમાં આવી વ્યક્તિઓનું યોગ્ય સન્માન થતું એ પણ એટલું જ સાચું છે.

પોતાના ત્યાગી જીવનના અનુભવના આધારે તેઓ કહેતા કે હિંદુપ્રજામાં ત્યાગી સન્યાસીઓને સન્માનવાની અને તેમને ભોજન માટે નિમંત્રવાની ભાવના આજે પણ જોવામાં આવે છે તે સારું છે. યાત્રાના સ્થાનોમાં સંન્યાસીઓ માટે ચાલતાં વિવિધ અન્નક્ષેત્રો પાછળનો આશય ઘણો શુભ હોવા છતાં આજે તપોભૂમિમાં રહી સાધના કરનારા ખૂબ ઓછા થઈ ગયા છે. મોટાભાગના સંન્યાસીઓ પણ વિવિધ પ્રવૃત્તિઓમાં પડી ગયા છે. જીવતાં જાગતાં માનવમંદિરોને ઠીકઠાક કરવાની પ્રવૃત્તિઓને—પ્રભુપ્રાપ્તિ પછી, જીવનનું લક્ષ્ય બનાવનાર પૂ. શ્રી જેવા સંતો બહુ જ ઓછા જોવા મળે છે. એમની સાદગી, સરલતા નિરંહંકારિતા,—બેનમૂન હતી. સમાજ પાસેથી પોતાના ભરણપોષણ માટે જે કંઈ સહજ રીતે મળતું તેનો વિવેકપૂર્વકનો સ્વીકાર તેઓમાં અમે જોયો, તેવા બહુ ઓછા જોવા મળે છે. કદી કોઈ ફંડફાળાની અપીલ નહિ, પૂ. મા શ્રી સર્વેશ્વરી પણ પૂ. શ્રીની જ પ્રતિકૃતિ દેખાય—એવાં જ શ્વેતવસ્ત્રધારી,—ફેર

માત્ર એટલો જ. એક પુરુષ અને બીજાં સ્ત્રી.

પૂ. શ્રીએ શ્વેતરંગ એટલા માટે પસંદ કર્યો કે એમાં જરા સરખો ડાગ પણ તુરત જ દેખાય આવ. શ્વેતરંગ સતત જાગૃતિનો સૂચક ને પ્રતીક. મીરાંબાઈએ ભલે ગાયું, ''ઓઢું હું કાળો કામળો, દૂજો દાગ ન લાગે કોઇ.'' કાળા રંગમાં ભલે બીજો દાગ ન દેખાય, કિન્તુ પૂ. શ્રીએ ભગવા રંગને સ્થાને સફેદ રંગને જ પસંદગી આપી. સુંદર સ્વચ્છ ચાંદની જેવો શ્વેત—ક્યાંય કાલિમા કે ડાગ વગરનો—એમના જીવન જેવો. જય હો એ શ્વેતવસ્ત્રધારી સંતનો—ને શ્વેતવસ્ત્રધારિણી પૂ. મા શ્રી સર્વેશ્વરીનો. (સંપૂર્ણ)

કર્મ સ્વરૂપથી બંધનકારક છે જ નહિ, પરંતુ કર્મમાં ફલેચ્છા, મમતા, આસક્તિ અને કર્તૃત્વાભિમાન જ બાંધવાવાળાં છે.

—યોગેશ્વરજી

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# પૂ. શ્રીમાની સંનિધિમાં ત્રિવિધ પર્વની ઉજવણી

ડો. બી. જે. જાગાણી

પ્રભુ કૃપા કરે છે ત્યારે અગાઉથી જાહેરાત કરતા નથી. માત્ર કોઇને નિમિત્ત બનાવીને કરી બતાવે છે. કેળનો વિન્યાસ બહાર આવે ત્યારે ખબર પડે કે નાનાં નાનાં સરસ કેળાં વિન્યાસમાંથી કેવી અદ્ભુત રીતે ગોઠવાઇને બહાર આવે છે. પૂ. શ્રીમા પણ સ્વર્ગારોહણમાં વિવિધ ઉત્સવોનાં નિમિત્તો ઉભાં કરીને ભક્તોને દર્શનસુખ આપી રહ્યાં છે.

તા. ૧૫—૦૭—૦૭ ની રાત્રીએ સત્સંગની બેઠક પૂર્ણ કરીને ભક્તો તો વિશ્રામ કરે છે, પણ પછીના દિવસે આવનારાં ત્રણ પર્વો માટે પૂ. શ્રીમા ૧૬—૭—૦૭ સવાર સુધી તૈયારી કરે છે. સવારે ભક્તો ઊઠે છે તો સ્વર્ગારોહણ શણગાર સજીને પર્વોના સ્વાગત માટે તૈયાર છે. જાણે સ્વર્ગમાંથી આવીને કોઇ તૈયાર કરી ગયું ન હોય! ખબર પડી ત્યારે ખ્યાલ આવ્યો કે સ્વયં પૂ. શ્રી માએ અને થોડા યુવા ભક્તોએ જ એ તૈયારી કરી હતી. પૂછશો કે ત્રણ પર્વ ક્યાં? રથીનો જન્મ, રથયાત્રા ને નવા ભવનના નિર્માણ કાર્યનો પ્રારંભ. સવારે પ્રભાતની બેઠકનો પ્રારંભ ગુરુબાવનીથી થાય છે. પૂ. શ્રી મા ત્યાં પધારે છે. ભક્તોને નવાઇ લાગે છે. આજે કેમ પૂ. શ્રીમા ગુરુ-બાવનીના પ્રારંભે પધાર્યાં? એટલામાં તો શ્રીસ્નેહલ—તેજલ-બેનના નાનકડો—૧ વર્ષનો બાળ રથી નવાં વસ્ત્રો સાથે સજ્જ થઇને આવે છે. પૂ. શ્રી મા તેને રક્ષા બાંધે છે, તીલક કરે છે, પૂ. શ્રી માના હસતાં સ્વરૂપવાળા ત્રણ બીલાથી કાપડમાં મઢેલો હાર પહેરાવે છે, રક્ષમામ્‌ની શાલ ઓઢાડે છે.

રથીને પેંડો ખવરાવે છે. ભક્તો આ દશ્ય જોઇ ભાવવિભોર બની રહ્યા છે. વિચારે છે આ નાના બાળે જરૂર ગયા જન્મમાં એવું સરસ સુકૃત્ય કર્યું હશે, જેને લીધે જન્મથી તેને આટલો બધો પૂ. માનો પ્રેમ મળી રહ્યો છે!

પૂ. શ્રી મા સ્લેટપર લખે છે. ગરબા ગાતાં ગાતાં કુટિયામાં રથીના દીર્ઘ આયુષ્ય માટે પાંચ પ્રણામ કરવા. સૌ તેમ કરે છે. ખૂબ મોટા મહેમાન પધાર્યાં હોય તેવો માહોલ સર્જાયો. રથી કુતૂહલભરી આંખે આ બધું જોઇ રહ્યો છે. તેની તેને ભલે આજે સમજ ન હોય, પરંતુ તેના આંતરમન પર તો એના સંસ્કાર પડી જવાના.

સવારની પ્રણામ વંદનાની બેઠક પૂર્ણ થઇ કે તુરત જ દીપુબહેન પૂ. શ્રી માનો લિખિત સંદેશો વાંચે છે ત્યારે સૌને સ્વર્ગારોહણના ત્રિપર્વની ઉજવણીનો ખ્યાલ આવે છે. આજે ત્રણ ઉત્સવ છે. ૧. રથીનો જન્મ દિવસ, ૨. રથયાત્રા અને ૩. નવા ભવનના નિર્માણકાર્યનો આરંભ.

રથીનો જન્મ દિવસ આખો દિવસ વિવિધ સ્વરૂપે ઉજવાતો રહે છે. બપોરે ૧૧–૦૦ ની બેઠક વખતે નવા મકાનના નિર્માણની કામગીરી રથીના હસ્તે પૂ. શ્રી મા કરાવી રહ્યાં છે. ભક્તો ગુરુબાવની ગાઇ રહ્યા છે. પૂ. શ્રી મા ભક્તોની વચ્ચે જ ઊભાં છે. પાંચ મજૂરો ને કોન્ટ્રાક્ટર પાયામાં છે. મંત્રગાન થાય છે. શ્રી સ્નેહલભાઇ રથીના પિતા તેને લઇને પાયામાં ઉતરે છે. રથી કોન્ટ્રાક્ટરને તીલક કરે છે. પૂ. શ્રી મા આ દશ્ય જોઇને ખૂબ પ્રસન્ન થાય છે. શ્રી તેજસભાઇ પેંડાનું બોક્સ લઇને પાયામાં ઉભા છે. રથીના હસ્તે તે પેંડા કોન્ટ્રાક્ટર ને મજૂરોને અપાય છે. એક નાનકડી કોદાળી છે. જાણે બાળ



કોદાળી! રથી તેના હસ્તે પાયામાં નિર્માણનું કાર્ય પ્રારંભ કરે તે માટે તૈયાર રાખી છે. પૂ. શ્રી મા તે કોદાળી આપે છે. રથી પ્રારંભ કરે છે. ભગવાન, ભક્તો ને ભાગવતની હાજરીમાં સાદગીભર્યો, સ્વયંભૂ, પૂર્વ આયોજનવિના નિર્માણ કાર્યનો પ્રારંભ થયો. જાણે પૂ. માએ કુદરતમાંથી આ પ્રેરણા લીધી છે. કુદરત કે ભગવાન પોતાના મોટાં સર્જન કે વિસર્જનના કાર્યો ક્યારેય જાહેરાત કરી કરતા નથી.

તરત જ દાન તો ખરું જ. ભક્તોની પાસેથી માત્ર દશ દશની એક નોટ—પૂ. શ્રી મા લે છે અને તે લક્ષ્મીનું દાન કોન્ટ્રાક્ટર ને મજૂરોને નાનકડા શ્રી હાર્દિકના હાથે અપાવે છે. આ હાર્દિક અંબાજી ગામમાં રહે છે. બે દિવસથી પૂ. શ્રી માના આમંત્રણથી તેના ચાર મિત્રો સાથે સ્વર્ગારોહણમાં રાત્રી રોકાણ માટે આવ્યો છે. આમ નાનાં નાનાં બાળકોના હસ્તે નિર્માણના મહાન કાર્યનો પ્રારંભ થયો.

ભક્તોને ઉર્મિલાની નાની દીકરી આરાધ્યાના હસ્તે પેંડા અપાય છે. ભક્તો સાથે પૂ. શ્રી મા યોગતીર્થના ઓટલે નિત્ય સત્સંગની બેઠકના સ્થાને પધારે છે. નવા સુમધુર રાગમાં 'ૐ યોગેશ્વરાય નમઃ' મંત્રનું ગાન થાય છે. પૂ. શ્રી મા સ્લેટ પર લખે છે.

'રથીના સન્માનનાં અનેક કારણો છે. રથયાત્રાના દિવસે એનો જન્મ છે. સ્નેહલના આંગણે ઉતર્યો છે. સ્નેહલની સેવાના ફળનો પહેલો હક્કદાર રથી છે. એટલે આજે જન્મદિન ભલે રથીનો હોય, પણ ગુણગાન તો માતા–પિતાનાં જ ગવાય. સ્નેહલનો ધર્મપુત્ર છે. આપણે ઇચ્છીએ કે એ સ્નેહલના સર્વ સદ્‌ગુણોનું દર્પણ બની જાય. આપણી પાસે એક તક છે સ્નેહલ-

ને વધાવવાની.' સ્નેહલને ઓળખતાં હોય તેવા ૧૫ ભક્તોએ સ્નેહલની સેવા, સમર્પણ, પૂ. શ્રી માની આજ્ઞાનું પાલન, રમૂજવૃત્તિ, નાટકપ્રિયતા, પરિશ્રમ કરવાની ક્ષમતા તથા તત્પરતા, ઉદારતાનું વર્ણન કર્યું. પૂ. શ્રી માની સંનિધિ છે. ભક્તોના પોતા પ્રત્યેના પ્રતિભાવો સાંભળી, સ્નેહલભાઇ ગદ્ગદિત થઇ જાય છે. તેમની આંખમાંથી અશ્રુધારા વહી રહી છે, જાણે પૂ. માએ આજે એના બાળકને અને એને ત્રિભુવનનું સામ્રાજ્ય ના ધરી દીધું હોય!

હવે પૂ. શ્રી મા સ્લેટ પર લખે છે. 'આજે અચાનક આ પર્વ ઉજવાયું. ગઇકાલે રાત્રે ૧—૩૦ વાગ્યે એના શ્રી ગણેશ મંડાયા. પોતાના પ્રથમ પૌત્રનો જન્મદિન સ્વર્ગારોહણમાં ઉજવાય એવું વડીલો નક્કી કરે તે જ શું મોટી કૃપા ના ગણાય? અહીં એવાં અનેક પર્વ પ્રભુ પોતાની રીતે ઉજવાવી લે છે. રથી નાનકડો છે. હજુ આજે એક વર્ષનો થયો. એનો આ પ્રથમ જન્મદિન એના માટે ને સ્વર્ગારોહણ માટે ઐતિહાસિક બની રહ્યો. કેટલી શાંતિથી આજ્ઞાંકિત બનીને નીચે (ભૂમિના સ્થળે) પૂજન અને પ્રસાદ આપતો હતો! જાણે કોઇ મોટો માણસ હોય તેમ કામ કરતો હતો!'—સૌને તેની આ ધીરગંભીર ચેષ્ટા આશ્ચર્ય પમાડે તેવી હતી.

રથીના દાદા—દાદી, માતા—પિતા સૌને પૂ. શ્રી મા વસ્ત્રોની ભેટ આપે છે. બેઠક પૂર્ણ થાય છે. આજે પર્વની ઉજવણીમાં સરસ મજાનું મિષ્ટાન્ન ભોજનમાં પિરસાયું છે.

રાત્રે ૮—૦૦ વાગ્યે પૂ. શ્રી મા પધારે છે. રથીના માનમાં મટકી ફોડનો કાર્યક્રમ યોજાયો છે. નાનકડા રથીની સાથે નાનકડાં બાળકો પણ છે. 'જય કનૈયાલાલ કી'ના ઉદ્ઘોષથી



વાતાવરણ ગૂંજી ઊઠે છે. મસ્તી સાથે મટકી ફોડ કાર્યક્રમ પૂર્ણ થાય છે. પૂ. શ્રી માની સંનિધિ કૃષ્ણસમી સૌને લાગે છે. ભક્તો ને બાળકોને જાણે તેઓ વૃંદાવનમાં હોય તેવું લાગે છે. રથીને નાનકડી ખુરશીમાં બેસાડીને નાનાં બાળકોને ગમે તેવી ભેટ, કપડાં, દફતર, જહોન્સનની કેર કીટ, રમકડાં, ખુરશી, નેતરનું સ્ટુલ, પ્રસાદી પૂ. શ્રીમા આપે છે. ભક્તોએ પણ રથીને ભેટ આપવા કવર તૈયાર રાખ્યાં છે. રથીને તીલક કરી સૌ (૪૫ ભક્તો) તે ભેટ રથીને આપે છે. જાણે કૃષ્ણ જન્મ હોય તેવો માહોલ બની રહે છે. ભક્તોની પ્રસન્નતા એ માટે છે કે આખો દિવસ પૂ. શ્રી માની સંનિધિ મળી. ત્રણ પર્વની ઉજવણી જાણે ભગવાન જગન્નાથ સ્વયં પધારી કરાવતા હોય તેવું સૌને લાગ્યું, સૌએ એ સુખ માણ્યું અને ધન્યતા અનુભવી. સૌના જીવનમાં આ નવી આનંદપ્રદ ઉજવણીની મંગલ સ્મૃતિ જળવાઇ રહે—એ ભાગ્ય શું ઓછું ગણાય! ઇચ્છા છતાં પણ જાણે પ્રભુની કે સંતની કૃપા વિના આવું સૌભાગ્ય સૌને પ્રાપ્ત થતું નથી, એ સ્વીકારવું જ રહ્યું, અહીં બધાં કાર્યો પૂ. માની પ્રેરણા અને ઇચ્છા પ્રમાણે થાય છે, છતાં પૂ. મા પોતાની વિશેષતાને ક્યાંય ડોકાવા દેતાં નથી. એ કેવી નિઃસ્પૃહતા છે માની! હે મા, અમે પણ આપના જેવા અહંશૂન્ય ને નિઃસ્પૃહી બનીએ એવા આશીર્વાદ ધરતાં રહેજો.

# સમંદરને પેલે પાર

(ગતાંકથી ચાલુ) **મા સર્વેશ્વરી**

**પૂ. મા શ્રી સર્વેશ્વરીની ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા યાત્રા– સીડનીથી હવાઈન હોનોલુલુ, દિવસ–૧૪, તા. ૨૧–૫–૦૫**

હવાઈનના દરિયાઈ ટાપુ ઉપર આવી તો ગયાં, પણ અહીં કસ્ટમ વિભાગમાં જવા માટે બસ હતી.

બસમાં બેઠાં. ઈમીગ્રેશન વિભાગમાં ૨૦૦, ૩૦૦ પ્રવાસીઓ હરોળમાં ચાલતા હતા, ઊભા હતા.

હરોળમાં અમારી આગળ એક વૃદ્ધ દંપતી હતાં. અને અમારી પાછળ એક વૃદ્ધ બેન હતાં.

હરોળમાં ચાલતાં ચાલતાં 'મા'ની આગળ ને પાછળ ચાલતાં એ બંને બેનો ખૂબ ખૂબ વાતો કરવા લાગી. જાણે અનેક જન્મોની મિત્રતા હોય એ રીતે.

એટલે અમે પેલાં પાછળવાળાં વૃદ્ધાને કહ્યું, લો તમે એની સાથે જ જાવ. એટલે કે અમારાથી આગળ થઈ જાવ.

પણ પેલી વૃદ્ધા બેને ના પાડી. ના, મારો હરોળમાં જ્યાં નંબર છે ત્યાં જ મારે ઊભા રહેવું જોઈએ. તમારી ભલી લાગણી માટે આભાર.

આ શિષ્ટાચાર. જન્મથી જ કદાચ આ ટેવ પડી છે કે જ્યાં જે રીતે ક્રમ આવે તે જ રીતે કરવાનું. ઘૂસ ના મરાય. કોઈ કહે તો પણ પોતાનો ક્રમ આવે ત્યારે જ જવાનું.

કેટલી નાની વાત છે, છતાં તે વૃદ્ધાએ નિષ્ઠાપૂર્વક, પ્રામાણિકતા કે શિષ્ટાચાર પાળી બતાવ્યો.



હે હરિ, આવી પ્રામાણિકતા ને શિષ્ટાચાર ને નીતિ કે ફરજ આપણા દેશમાં પણ વધારો. આપણો દેશ પણ નૈતિક મૂલ્યોનું જતન કરે ને વિશ્વમાં વંદનીય બને.

હરોળ ઘણી લાંબી હતી. સૌ શંતિથી ઊભા હતા. ધક્કા ધક્કી કે બૂમબરાડા, કે ઘૂસ મારવાની કોઈ હરિફાઈ અહીં દેખાતી ન હતી.

પંદર મિનિટમાં તો અમે કાઉન્ટર ઉપર આવી ગયાં.

આજે સાથેના સૌ યાત્રીઓ જે અમેરિકાનું નાગરિકત્વ ધરાવતા હતા તે બીજા અલગ ટેબલ પાસેથી પસાર થયા.

'મા', નીરૂબેન, વિમળાબેન ને સુરેશભાઈ પરીખે મુલાકાતીઓના ટેબલ પાસેથી પસાર થવાનું હોય છે.

અમારો નંબર આવી ગયો. 'મા'ને વિદેશયાત્રામાં શ્રી વિનોદભાઈ જ સ્પોન્સર લેટર મોકલે છે. માટે અને 'મા'ને તો મૌન છે. ટેબલ ઉપર પ્રશ્નો પૂછાય, તેમાં જવાબ તો આપવા જ પડે. કોણ જવાબ આપે? માટે શ્રી વિનોદભાઈ પણ સૌની સાથે હતા.

ટેબલ ઉપર જેવા જવાનું બને છે એટલે એક ભારતીય પાસપોર્ટ 'મા'નો અને એક અમેરિકન પાસપોર્ટ વિનોદભાઈનો મૂકી દેવામાં આવે છે.

તરત જ ટેબલ પર જે બેન ઓફિસર તરીકે બેઠાં હતાં તેણે પાસપોર્ટ ઉઘાડ્યો.

ને આજે એક જાગ્રત ઓફિસર તરીકે પ્રશ્નો જે પૂછ્યા તે નીચે મુજબના હતા.

પ્રશ્ન : આ તમારાં કોણ છે? અહીં કેટલો વખત રહેવાનાં છો?

ઉત્તર : અમારા પરિવારનાં મિત્ર છે. સપ્ટેમ્બરની ૨૧ મીએ પાછાં ભારત જવાનાં છે.

પ્રશ્ન : ભારત જવાની ટિકિટ છે?

ઉત્તર : હા. (બતાવી.)

પ્રશ્ન : અહીં કેટલા વખતથી આવે છે?

ઉત્તર : દર વરસે એક વાર આવે છે.

પ્રશ્ન : વધુમાં વધુ કેટલો વખત રહે છે?

ઉત્તર : છ મહિનાથી ઓછું રહે છે.

પ્રશ્ન : તમે બરાબર કહો છો? છ મહિનાથી વધુ રહ્યાં નથી?

ઉત્તર : કદાચ એક વાર વધુ રોકાયાં છે. પણ ૨૦૦૩ માં તો આવ્યાં જ નથી.

પ્રશ્ન : અહીં આવીને શું કરે છે?

ઉત્તર : બધાને મળે છે. લોસએંજલસ, ટેક્ષાસ, ન્યુજરસી જાય છે.

પ્રશ્ન : ત્યાં જઇને શું કરે છે? શૉપીંગ કરે છે?

ઉત્તર : ના. ધર્મની વાતો કરે છે.

પ્રશ્ન : અંગ્રેજી જાણે છે? બોલી શકે છે?

ઉત્તર : અંગ્રેજી જાણે છે પણ બોલતાં નથી. દશ વર્ષથી મૌન છે.

આટલી પ્રશ્નોત્તરી પછી 'મા'નો આખો પાસપોર્ટ ધ્યાનથી જુએ છે.

'મા'ના પાસપોર્ટમાં અનેક દેશના સિક્કા છે. અમેરિકાના પણ ઘણા છે. અને 'મા' પાસે ૧૦ વરસનો અમેરિકાના વીસા



છે. તે બધું જ જુએ છે.

પ્રશ્ન : અમેરિકામાં ક્યારે આવ્યાં?

ઉત્તર : ૧૭ એપ્રિલે આવ્યાં ને અમે ૧૭ ભાઇબેનો ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા યાત્રા માટે ગયાં હતાં.

આખીએ પ્રશ્નોત્તરી સમયે 'મા' દ્રષ્ટાભાવે શાંતિથી ઊભાં હતાં.

બસ, પ્રશ્નોની વર્ષા શાંત થઇ ગઇ. સૌ યાત્રીઓની જેમ 'મા'ની ફીંગર પ્રીંટ લીધી, ફોટો લીધો ને પાસપોર્ટમાં અમેરિકામાં આ પ્રવેશથી છ મહિના નવેમ્બર સુધી રહી શકો એવો સિક્કો લગાડ્યો.

શ્રી વિનોદભાઇએ થેંક્યુ કહીને પાસપોર્ટ પાછો લીધો.

૧૯૮૮ થી ૨૦૦૫ સુધીમાં 'મા' ઘણીવાર અમેરિકા આવ્યાં. પણ આટલા બધા પ્રશ્નોની વર્ષા પ્રથમ વાર થઇ.

એક જાગ્રત ઓફિસર તરીકે એ બેનના મનમાં કદાચ નીચે મુજબની મૂંઝવણ હશે.

(૧) દર વખતે ન્યુજરસી જ ઉતરીને આ દેશમાં પ્રવેશ કરે છે ને વીસા રહેવાના મેળવે છે. આ વખતે ભારતીય તરીકે કેમ હવાઇમાં ઉતર્યાં? અમેરિકા આવવા માટે ઑસ્ટ્રેલિયા થઇને આવવાનું તો ઘણું લાંબુ પડે!

(૨) દર વરસે આવીને કરે છે શું? શોપીંગ–વેપાર માટે આવતાં હશે કે જોબ JOB કરવા આવતાં હશે?

એ બંને મૂંઝવણો હશે જેથી પ્રશ્નો પૂછી પૂછીને બધી માહિતી મેળવી શક્યાં.

જે હશે તે. પણ 'મા'ને ઓફિસર માટે ગૌરવ છે.

આ દેશના એક સરકારી કર્મચારી કેટલી બધી નિષ્ઠાથી પોતાની પદવી દીપાવે છે! દરેકે દરેક પ્રવાસી પાછળ કેટલી ચોકસાઈ! કેવી ફરજ પ્રત્યેની સભાનતા! કેવી દેશભક્તિ!

પોતાના દેશમાં પ્રવેશનારને સર્વ રીતે ચકાસવાનું એ ઓફિસરનું કર્તવ્ય હતું. અને એ કર્તવ્ય એમણે સર્વોત્તમ રીતે બજાવ્યું છે.

આવા કર્તવ્યનિષ્ઠ સેવકોથી જ આ દેશ પ્રગતિને પંથે છે. વિશ્વમાં એનું વિશેષ સ્થાન છે.

ધન્યવાદ, હે વિદેશી સરકારી અમલદાર; આપને વિશેષ અભિનંદન. આપની જાગૃતિને, આપની ફરજને, આપની નિષ્ઠાને સર્વ પ્રવાસીઓના વંદન. હે હરિ, ભારતને પણ આવા કર્મચારીઓ ધરોને.

ઈમીગ્રેશનનું ટેબલ છોડી બેગો જ્યાં આવે ત્યાં જવાનું બને છે. સૌ ત્યાં પોતાની બેગો લે છે. અહીંથી પાછું કસ્ટમ વિભાગમાંથી પસાર થવાનું છે.

અહીં પણ ઓફિસર દરેક જણને ફોર્મ લેતાં પૂછે છે—

(૧) ફળો લાવ્યાં છો?

(૨) શાકભાજી લાવ્યાં છો?

(૩) કોઈ વાંધાજનક વસ્તુ લાવ્યાં છો?

ઉત્તર : ના, ના, ના.

તો તમે સીધા આ હરોળમાં આગળ જાવ.

અને બે મિનિટમાં તો અમે બહાર આવી ગયાં.

ત્યાં જ સામે અહીંની યાત્રાના આયોજક હવાઈન બેન બોર્ડ લઈને ઊભાં છે. જેવા અમે સૌ એમની પાસે પહોંચ્યાં એટલે એ બેને આવકાર આપ્યો.



અ....લોહા....અ....લોહા...અ લોહા કહી કહીને સૌના કંઠમાં એણે સુંદર તાજાં પુષ્પોની માળા પહેરાવી.

એરપોર્ટ ઉપર જે જે આવી યાત્રામાં હોય તેના તેના આયોજકો સ્વાગતમાં પુષ્પમાળા પહેરાવતા જોવા મળ્યા.

એ બેનના હાથમાં ૨૦ માળા હતી. એમાંથી જ એક માળા 'મા' લે છે. ને 'મા' એ બેનને પણ પહેરાવે છે.

નાનકડી, પ્રેમાળ, મિલનસાર સ્વભાવની એ બેન આપણી આ હવાઈન યાત્રાની ગાઈડ હતી.

પછી તો એને આપણા યાત્રીએ સમજાવ્યું કે તમે જેમ અ...લોહા કહીને આવકારો છો એ રીતે અમારા ભારતમાં **નમસ્તે** કહે છે.

અને એ બેન હાથ જોડીને નમસ્તે, નમસ્તે, નમસ્તે સરસ રીતે બોલવા માંડી. ને સૌને ઝૂકતા ઝૂકતા મળી.

પછી તો સમૂહમાં એક તસ્વીર લીધી. જેમાં સૌ જાણે જાનૈયા બનીને પુષ્પમાળાથી સજ્જ હતા.

હવાઈનની આ પ્રણાલિકા, પરંપરા છે પુષ્પોથી સ્વાગત.

આ પ્રદેશ અમેરિકાનો જ છે. ટાપુ છે. સરસ હવામાન છે. વિવિધ પ્રકારનાં પુષ્પો ને વનસ્પતિથી આ ધરતીએ સરસ શણગાર સજ્યા છે. શસ્ય શ્યામલામ્ લીલીછમ હરિયાળી ધરતી છે.

સ્વાગતની એ પરંપરા 'મા' સાથે સૌએ પ્રેમથી સ્વીકારી.

પ્રકૃતિના અહીં પૂજારી વસે છે. તો જ એ તત્ત્વોથી સ્વાગતની એક પરંપરા પણ શરૂ થઈ હશે ને?

અહીંથી બસમાં જવાનું છે. યાત્રીઓની સ્પેશીયલ ૨૦

સીટની બસ અહીં પણ સેવામાં હાજર છે.

ભાઈઓ બધી જ બેગો બસની પાછળની ડીકીમાં ગોઠવી દે છે.

આ બસના ચાલક પણ મિલનસાર, હસમુખા હોય તેવું લાગે છે.

મોટલ ઉપર આવી ગયાં. ૩૫, ૩૭ માળની આ ભવ્ય ઈમારતમાં જ્યાં ને ત્યાં ફૂલોની સજાવટ જોવા મળે.

દશમા માળ ઉપર ૧૧ મો રૂમ એટલે કે ૧૦૧૧૧ નંબરમાં 'મા'નો વિશ્રામ થયો છે.

અરે! 'મા'નો વિશ્રામ તો પ્રભુના શ્રીઅંકે છે. એટલે પ્રભુનો વિશ્રામ થયો છે એવું લખવું જ ઉચિત ગણાય.

મોટલનું નામ છે :

ASTON
WAKIKI SUNSET
229, PAOAKALANI AVENUT
HONOLULU HAWAIN

શાંત વિસ્તાર છે. અહીં કાઉન્ટર ઉપર દરેક યાત્રી પાસે ફોર્મ ભરાવી સહી લીધી છે. 'મા'ની સહી તો સરોજબેન બસમાં 'મા' પાસે ફોર્મ લાવીને કરાવી ગયાં.

કદાચ સુરક્ષાને લીધે દરેક પ્રવાસીઓની સહી લે છે. એવું લાગ્યું. પણ હકીકતમાં આજે અહીં ઉતરનાર દરેક પ્રવાસીને એક એક પાકીટ ભેટ આપવાનું હતું. સૌને તે આપ્યું.

ભેટ પાકીટ 'મા'ને પણ મળે છે. 'મા' તે કોઈ નાના બાળકોને આપી દે છે. આજે આ ભેટ પણ અપાઈ ગઈ.

'મા' એવા અનેક સંગ્રહથી રક્ષાયેલાં રહ્યાં છે. નજીક



રહેનારા જાણે છે, જુએ છે કે 'મા' પાસે આવતી વસ્તુ 'મા'ના હાથમાં ટકતી નથી. 'મા' કોઈકને તે પ્રસાદમાં પહોંચાડી દે છે.

અરે, ઘણી વાર તો 'મા'ની કોઈ વસ્તુ જલ્દી ના મળે તો સેવકો કહે છે 'મા' તમે જ કોકને આપી દીધી હશે. નથી મળતી એટલે તે પ્રસાદમાં કોકને પહોંચી ગઈ હોવી જોઈએ!

એટલે 'મા'ની આ વિશેષતા સૌ જાણે છે. આજે એ રીતે પાકીટે પણ વિદાય લીધી.

ઓસ્ટ્રેલિયાથી અમે ૨૧ મીની રાતે ૮–૩૦ વાગે પ્લેનમાં બેઠાં. અહીં હવાઈનમાં તા. ૨૧ મીએ સવારે ૧૦ વાગે પહોંચી ગયાં.

તા. ૨૧ મી અમારા સૌ માટે ખૂબ લાંબી હતી.

આંતરરાષ્ટ્રીય સમયરેખા—અમે પસાર કરીને હવાઈન પહોંચ્યાં. એટલે અહીં પણ તા. ૨૧ હતી. જેમ ભારતથી ૨૧ રાતે બેઠાં તો અમેરિકામાં ૨૧ મીનો મધ્યાહ્ન હોય છે.

સમયની આ રમત છે. માન્ય કરેલી ગણિતની એ રીત છે.

એટલે આવીને સૌએ સ્નાન કર્યું. સૌએ નાસ્તો કર્યો ને પાછા બસ માટે નીચે ત્રણ વાગે આવી ગયા.

આ બસના ચાલકે હસતા મુખે સૌને સન્માન્યા ને સૌને ૧, ૧ ચોકલેટ આપી.

સ્વાગતની આ પણ એક રીત છે—હાસ્ય ને પ્રસાદ.

હોનોલુલુથી દૂર જે ટાપુ છે ત્યાં પર્વત પસાર કરીને જવું પડે છે. માર્ગમાં પ્રાકૃતિક સૌંદર્ય ને સમંદરનું દૃશ્ય માણતાં માણતાં Poly besian Cultural center પહોંચી ગયાં.

અહીંની મૂળ પ્રજાનો સાંસ્કૃતિક વારસો જોવા જેવો છે. ગુજરાતની આદિવાસી પ્રજાનું સ્મરણ થાય. સંગીતના

વાજિંત્રો, વાસણો, ઘરેણાં, લાકડાનું કોતરકામ વગેરે જોવા જેવું છે.

અહીં પ્રખ્યાત પોલીનેશીયનનો નૃત્યનો એક સાંસ્કૃતિક કાર્યક્રમ થાય છે. એ પણ જોવા જેવો છે.

દરેક પ્રજાને પોતાની આગવી સંસ્કૃતિ હોય છે. તેનું સંરક્ષણ ને સંવર્ધન પોતાની રીતે જ કરે જ છે.

આ પ્રજાનાં શૌર્યગીતો જોનારાને શૂરાતન ચઢે તેવાં હતાં. તો વ્યાયામ જે નૃત્યકળામાં હતો તે પણ શીખવા જેવો હતો. એક પછી એક અભિનયનો કાર્યક્રમ ભરચક હતો. ક્ષણનો પણ વિલંબ નહિ. કોઇ ભૂલ પણ ન હતી. ભારે તાલીમ પછી જ આવો શિસ્તબદ્ધ કાર્યક્રમ થઇ શકે.

કુદરતની ગોદમાં થીયેટરનો મંચ હતો. વેશભૂષા પણ ફૂલ, પાંદડા ને ખજૂરીનાં પાંદડાની હતી. એ પ્રજાની દરેક વિશેષતા-નું એમાં પ્રદર્શન હતું.

હજાર માણસો બેસીને જોઇ શકે એવડો એ થિયેટરનો વિસ્તાર હતો.

યાત્રાની મંડળી ભોજન લેવા ત્યાંના રેસ્ટોરન્ટમાં ગઇ. ‘મા’ ત્યાં નદીકિનારે જપ કરતાં બેઠાં. પંકજ સાથે બે નાના નાના પુલ ઉપર આંટો પણ માર્યો.

ત્યાં નાળિયેરી ઉપર ચઢવાનો શૉ ચાલતો હતો. ત્યાં સૂકા નાળિયેરો ખૂબ કલાત્મક રીતે ગોઠવેલાં હતાં. અહીં ૭ જુદા જુદા આયલેન્ડોનાં મોડલો પણ હતાં. જ્યાં ને ત્યાં ચંપાનાં ફૂલો જોવા મળે છે.

નીચે ખરી પડેલાં ફૂલો ‘મા’ સૌને એક એક આપે છે.

અહીં જ્યાં ને ત્યાં અલોહા નામ વાંચવા મળે છે. અલોહા એટલે આવો, પધારો.



અને બીજો એક શબ્દ જ્યાં ને ત્યાં સાંભળવા મળે છે. મહાલો એટલે આભાર.

ALOHA–MAHALO

અલોહા–મહાલો

હવાઇન ટાપુ સ્વતંત્ર રાજ્ય હતું. એને રાજા–રાણી હતાં. કડક શાસન હતું. એ સ્વતંત્ર રાજ્ય અમેરિકાની સરકારે છીનવી લીધું. ને ૫૦ મું રાજ્ય તરીકે જાહેર કર્યું.

સ્વચ્છતા, સુવિધા ને સુવ્યવસ્થિત વહીવટીતંત્ર અહીં લાગે છે.

ત્રણથી દશ સાત કલાક સતત આંખને જાણે આરોગ્યની હરિયાળી સૃષ્ટિ માણવા મળી. સર્વત્ર હરિયાળી, ક્યાંયે વેરાન કે સૂકો જમીનનો નાનો ટૂકડો પણ જોવા ના મળે.

પ્રભુએ અહીં છૂટે હાથે પ્રાકૃતિક સૌંદર્યનો મહાપ્રસાદ અર્પણ કર્યો છે.

ચારે બાજુ દરિયો છે. લીલાછમ પર્વતો છે. વિવિધ ફળો ને ફૂલો ને વનસ્પતિથી પથરાયેલું અલૌકિક સૌંદર્ય માણવા મળે છે.

ગાડીના ચાલક પ્રેમાળ છે. કોઇ પણ પરિચય વગર પહેલો પ્રશ્ન શ્રી સુરેશ પરીખને કરે છે.

‘મારે એમને કેવી રીતે સંબોધવાં?’

‘મા’

અને એ જવાબથી તરત જ એ એ રીતે જ સંબોધન કરે છે.

જાણે વરસો જૂનો કોઇ પરિચયનો નાતો હોય એ રીતે.

સાંજે યાત્રામંડળી ભોજન માટે જવાની હતી એ શ્રી **હાના**-એ સામેથી કહ્યું,

હું મા સાથે રહીશ. તમે સૌ જાવ. અરે, મા માટે ફળ–દૂધ લેવા સ્ટોરમાં શ્રી કંચનબેન, શ્રી ભગવાનજી, વિનોદભાઇ ગયા. તો એ શ્રી **હાના**એ કહ્યું, લો મારો સેઈફ વે સ્ટોરનો ક્રેડીટકાર્ડ.

આ કોણ કહે છે? આપણી બસનો ચાલક જે હવાઇન છે. જેનું નામ શ્રી**હાના** છે.

'મા' સ્ટોરમાં ફળવિભાગમાં ગયાં તો શ્રી **હાના** સતત 'મા'ની પાછળ ચાલતો રહ્યો. ને વિવિધ જાતના દૂધ 'મા'ને બતાવતો હતો.

જાણે કોઇ અંગત ભક્ત 'મા'ની સંભાળ લેતો લેતો ચાલતો હોય એવું લાગતું હતું.

એક પણ શબ્દની વાત કોઇ સાથે થઇ નથી. કદાચ 'મા'નો સફેદ વેશ જોઇને અનુમાન કર્યું હશે અથવા દર્શન કરતાં જ મનમાં કંઇક બંધગડીઓ ઉકેલાઇ રહી હોય.

જે હશે તે, પણ શ્રી હાના આજની યાત્રા માટે સૌને અનુકૂળ થતો રહ્યો. જાણે શ્રી હરિએ એને જ પસંદ કર્યો. સેવામાં હાજર કર્યો હોય.

આજે સીડનીથી સ્મિતાનો ફોન હતો. સૌએ સમૂહમાં તેને મળવાની તક ઝડપી લીધી.

આજની નોંધ જાણે એક મહાનિબંધ જેવી થઇ છે. જરૂરી બધી જ વાતો નોંધવી હતી.

વિદેશની ધરતી ઉપર વિવિધરંગી વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિઓનો પરિચય થઇ રહ્યો છે.

સર્વત્ર જાણે પરીઓના દેશમાં, અખંડ સુખના સામ્રાજ્યમાં, ફૂલોની સેજ ઉપર આ યાત્રામંડળી યાત્રા કરી રહી છે.



અગિયાર દિવસ થઇ ગયા. શાંતિ છે. આનંદ છે. પ્રસન્નતા છે. પ્રાર્થનાનું નિયમિત ભાથું છે. તો જપની મસ્તી પણ છે. અનુકૂળ યાત્રીઓ છે. 'મા'ને કયો દેશ છે? કયી તારીખ છે? કર્યો વાર છે? એનું પણ મોટે ભાગે વિસ્મરણ થઇ જાય છે.

હે હરિ, જરૂરી હોય એટલું જ સ્મરણ આપજો. બીજું બધું જ વિસ્મૃત કરી દેજો.

સ્વજનો, સાધકો, સેવકો, ભક્તો સૌ પોતપોતાની રીતે યથાસ્થાને રહીને 'મા'ને મળે છે કે 'મા' એમને મળે છે તે જ યોગ્ય છે.

એ સર્વ સંબંધો કે સગપણો કે વળગણો હે હરિ, અહીં મંત્રજપમાં વિલિન કરી દેજે. વિસ્મૃત કરી દેજે.

અનેક જન્મોનાં એ વળગણોને તું જ ખંખેરી કાઢજે. સૌ પ્રત્યે પ્રેમ ને ક્ષમાના શસ્ત્રથી સંબંધોના સરવાળાને બાદબાકીમાં બદલી કાઢજે. હે હરિ, તારા હસ્તાક્ષરથી એમાં હસ્તક્ષેપ કરીને, કરાવીને જીવનબાજી પલટાવી દેજે.

'મા'ને તો હરિ સાથે એવો નાતો છે કે 'મા'એ કહેવાની જરૂર જ નથી પડતી. સામેથી વગર કહ્યે પણ શ્રી હરિ સતત સર્વેશ્વરી માટે જ યોગ્ય હોય તે કરતા જ રહ્યા છે. કરતા હતા ને કરશે જ.

શ્રદ્ધા છે. આ સર્જન એ એમની જ હસ્તિ છે. સર્વેશ્વરી નામના સર્જન પાછળ એનો જ પરિશ્રમ પથરાયેલો છે.

(ક્રમશઃ)

# સાધનાપથના ચાર પુરુષાર્થ

ડૉ. કાલિદાસ પ્રજાપતિ

સાધના માનવને ત્યાગપ્રધાન જીવનદૃષ્ટિ આપે છે. આ ત્યાગમાં જ માનવનું ભાગ્ય સમાયેલું છે. માનવની વૃત્તિઓમાં વિશાળતા આવે, આંતરમન વિશાળ બનતું જાય તેમ તેમ ઉચ્ચ-ભાવોની સરવાણી સાધકની હૃદય સરિતામાંથી વહ્યા કરે છે. જેમાં પરોપકારની, પરહિતની મંગલકામનાઓ ઉઠતી હોય છે.

આપણા ઋષિમુનિઓએ, યોગીઓએ, તપસ્વીઓએ, સાધકો-એ એમના જીવનમાં જે કાંઇ પ્રાપ્ત કર્યું તે માનવજાત સમક્ષ ખુલ્લું મૂકી દીધું છે. જ્ઞાનરત્નોના આ ખુલ્લા ભંડારો કોઇ પણ જાતનાં તાળાં લગાડ્યા સિવાય સમગ્ર માનવજાત માટે છે. પણ માનવે શું લેવું, શું કરવું એ તો પોતે જ નક્કી કરવાનું છે.

સાધનાપથના પુરુષાર્થને વિશેષ વેગ આપે તેવા ચાર પુરુષાર્થ છે. (૧) સ્વસેવા, (૨) વિશ્વસેવા, (૩) મનસાસેવા અને (૪) યજ્ઞસેવા. આ પુરુષાર્થની પગદંડીએ સંપૂર્ણતાની મંઝિલ દૃષ્ટિગોચર થાય છે.

સાધકે અમુક વર્ષો સાધનામાં ગાળ્યાં હોય તેથી એમ કદીયે સમજવાનું નથી કે તેણે હવે કંઇ કરવાનું નથી. એણે તો માત્ર બીજાઓને ઉપદેશ જ આપવાનો છે. આ માન્યતા ભૂલભરેલી છે. મનની ચંચળતા અને આંટીઘૂંટીઓ એવી તો સૂક્ષ્મ છે કે જો તેની પ્રતિપળે ચોકી ન કરવામાં આવે, તો તે સાધકને ક્યાં લઇ જાય છે તેની ખબર પડતી નથી. પ્રથમ તેનું રૂપ આભાસી હોય છે. સાધકજીવનની મર્યાદાઓને અનુરૂપ હોય તેવું લાગે છે.



સમય જતાં માયા સાધકની નૈયામાં નાનું છિદ્ર પાડે છે. આ છિદ્ર ધીરે ધીરે સાધકની નૈયાને ડૂબાડે છે. એટલે સાધક ભલે અન્ય આત્માઓની સેવા કરે પણ સાથે સાથે પોતે પણ વિદ્યાર્થી છે એમ સમજીને નિરંતર સ્વાધ્યાય કરે અને પોતાની વૈરાગ્ય-વૃત્તિમાં તીવ્રતા લાવે. સ્વયંની સર્વ કર્મેન્દ્રિયો ઉપર તેની નજર હોય તેની સૂક્ષ્મ, સ્થૂલ હિલચાલો ઉપર બુદ્ધિ પહેરો ભરવી જોઇએ. પોતાના આત્માને યથાર્થ રીતે ઓળખી આત્મિક-સ્થિતિનો નિરંતર અભ્યાસ રહે. દેહભાનથી મુક્ત થવાય અશરીરીસ્થિતિ નૈસર્ગિક રીતે રહે. તે માટે તેણે સ્વ અર્થાત્ આત્માની સેવા કરવાની છે. આપણે અમૃતવેળાથી રાત્રી સુધી જે જે કાર્યો કર્યાં હોય, જે જેના સંપર્ક, સંબંધમાં આવ્યાં હોઇએ, આપણી કર્મેન્દ્રિયોદ્વારા જે વ્યવહાર થયો હોય તેનું રાત્રે સૂતાં પહેલાં કડક પરીક્ષણ કરવું જોઇએ. અને તેમાં કંઇ ઉણપ દેખાય, ત્રૂટિ દેખાય તો તેને યોગાભ્યાસથી ભસ્મ કરી ફરીથી તેવું ન બને તે માટે દૃઢ સંકલ્પ કરવો જોઇએ અને સ્વની વિશેષતાઓ અહંનું રૂપ ન લે પણ તે દ્વારા અન્ય આત્માઓની સેવા થાય તે માટે નમ્રતા, નિમિત્તભાવ, ટ્રસ્ટીભાવ પ્રગટવા જોઇએ.

પરમપિતા પરમાત્મા સર્વ આત્માઓના પિતા છે. વિશ્વના તેઓ પારલૌકિક પિતા છે. માનવ સર્જિત ભેદોમાં અટવાઇ જઇને માનવ માનવ વચ્ચે સાંકડી દીવાલો રચાઇ ન જાય તે જોવાનું કાર્ય સાધકનું છે. પરમાત્માની દિવ્ય, અલૌકિક સંપત્તિ સર્વ માટે છે. તેથી વિશ્વના સર્વ આત્માઓને પરમાત્માનો પૂરો પરિચય મળે, તેઓ પણ અધ્યાત્મના પથદ્વારા પોતાના જીવનને દિવ્ય બનાવી દુઃખમુક્ત, બંધનમુક્ત બને તે માટે વિશ્વના સર્વ

આત્માઓની સેવા કરવાની છે. માટે વ્યક્તિ મટીને વિશ્વ-માનવી બનવાનો પુરુષાર્થ સાધકે કરવાનો છે. વસુધૈવ કુટુંબ-કમ્‌ની ભાવનાથી જ ધર્મના નામે રેડાતાં લોહી અટકાવી શકાશે. વિશ્વના આત્માઓની માનવતાપૂર્ણ વૈવિધ્યસભર સેવા-દ્વારા માનવતાને જાગૃત કરી શકાય. પણ તે માટે શુભનિષ્ઠા, શુભકામના, નિષ્કામભાવની સાથે હૃદયના અતલ ઊંડાણમાંથી પ્રગટતા પ્રેમની જરૂર છે. આ રીતે વિશ્વ નજીક આવશે.

માનવના મનની અજાયબીઓ ઉલ્લેખનીય રહી છે. શક્તિશાળી મનની શક્તિઓ અવર્ણનીય છે, શ્રેષ્ઠ સંકલ્પોનાં આંદોલનો સમગ્ર વાતાવરણમાં પરિવર્તન લાવે છે, તેથી તો સમૂહ પ્રાર્થનાનું, યોગાભ્યાસનું મહત્ત્વ સ્વીકારાયું છે. મનની આ ગુહ્ય શક્તિઓના આધારે જ વૈજ્ઞાનિક શોધો થઇ છે. તેથી મનના શક્તિશાળી, રચનાત્મક, કલ્યાણકારી સંકલ્પોદ્વારા સેવા કરીને વિશ્વના ખૂણે ખૂણે સુંદર વિશ્વની રચના માટેનો પુરુષાર્થ કરીએ.

આપણે જે ધ્યેય સ્વીકારેલું છે તેને સાકાર કરવા માટે વિચારો જ પૂરતા નથી. તન, મન, ધન, સમય, સંકલ્પ, શ્વાસ, સહયોગ, સમર્થન એમ વિવિધ પરિબળોની જરૂર પડે છે. સાધક જ્યારે અધ્યાત્મપથને યજ્ઞકાર્ય તરીકે સ્વીકારશે ત્યારે જ તેનામાં સમર્પણની ભાવના આવશે. એક સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે 'પોતાનું લક્ષ્ય નક્કી કરીને સમજુ માણસે તે મેળવવા સતત પ્રયત્ન કરવો જોઇએ પછી રોગ, ગરીબી કે કષ્ટો ગમે તેટલાં ઘેરાઇ વળે, પણ તે પડતું મૂકવું ન જોઇએ?'



# ચિંતનીકાઓ

'જીવનદર્શન'માંથી

## (૧) ઓછાથી ચલાવો તો સંગ્રહની શી જરૂર!

જરૂરિયાત મુજબ વસ્તુઓ સાથે રાખવી બરાબર છે, પરંતુ તેના કરતાં વધારે સંગ્રહ છેવટે કષ્ટદાયક નીવડે છે. એટલે સંગ્રહની પ્રવૃત્તિથી માણસે બચવું જોઇએ. વધારાની વસ્તુ સંગ્રહ કરવાનો લોભ ત્યાગવો જોઇએ.

ભગવાન બુદ્ધ એક વાર બૌદ્ધ ભિક્ષુઓ સાથે યાત્રા પર રવાના થયા. તેમની યાત્રા રાજગૃહથી શરૂ કરીને વૈશાલીના માર્ગ પર હતી. બુદ્ધ આગળ ચાલ્યા અને પાછળ ભિક્ષુઓનું મંડળ. બુદ્ધે પાછા ફરીને જોયું તો આશ્ચર્યચકિત થઇ ગયા. રાજગૃહથી નીકળતી વખતે રાજા તરફથી ભિક્ષુઓને જરૂરિયાત અનુસાર સામગ્રી અને ઉપહાર મળ્યા હતા. બુદ્ધે જોયું કે બધા ભિક્ષુઓના માથે પોટલાંઓ રાખ્યા છે અને તેમાં ઘણી બધી વસ્તુઓ પડી છે. કેટલાક પાસે તો બેથી વધારે પોટલાં હતાં. ભિક્ષુઓની સંચયવૃત્તિએ બુદ્ધને ઊંડી ચિંતામાં મૂકી દીધા. સાંજ પડી ત્યારે રસ્તામાં એક મેદાનમાં રાતવાસો કરવાનું નક્કી થયું. શિયાળાના દિવસો હતા. બધા પોતપોતાનાં પાથરણાં પાથરી સૂઇ ગયા. બુદ્ધે એક પાથરણું પાથર્યું અને ઠંડીથી બચવા તે ઓઢી પણ લીધું. મધરાતે ઠંડી વધુ પડી ત્યારે બુદ્ધે વધુ એક કપડું ઓઢી લીધું. જો કે, ભિક્ષુઓની સંચયવૃત્તિથી ચિંતામાં બુદ્ધને ઊંઘ ન આવી. સવાર સુધીમાં ઉકેલ સૂઝ્યો. તેમણે ઠંડી રાત અને બચાવનાં સાધનનું આકલન કરીને નિષ્કર્ષ કાઢ્યો કે એક વ્યક્તિને પોતાના રક્ષણ માટે વધુમાં વધુ ત્રણ કાપડની

જરૂર પડે છે. ત્યારે તેના કરતાં વધારે સામાનનો સંગ્રહ યોગ્ય નથી. વહેલી સવારે ભિક્ષુઓ જાગ્યા બુદ્ધે તેમના નિષ્કર્ષની વાત સૌને જણાવી. તેમણે સૌને કહ્યું, તમારે જેટલી જરૂર હોય એટલો જ સંગ્રહ કરવો જોઈએ. તેનાથી વધારે સામાન રાખવો ન જોઈએ. જરૂરિયાત મુજબ વસ્તુઓ સાથે રાખવી બરાબર છે, પરંતુ તેના કરતાં વધારે સંગ્રહ કષ્ટદાયક નીવડે છે. એટલે સંગ્રહની પ્રવૃત્તિથી માણસે બચવું જોઈએ.

## (૨) વૈભવ નહિ, તેના મોહથી છૂટો

મોહ ખતરનાક છે. જ્યાં સુધી મનમાં મોહ હોય ત્યાં સુધી સત્યની પ્રાપ્તિ થવી મુશ્કેલ છે. મનના મોહ કરતાં તો માટીમાં મળી જતી વસ્તુઓનો મોહ વધુ સારો. મોહ દૂર થયા વિના સત્ય સાંપડતું નથી.

ઈસુની સાતમી—આઠમી શતાબ્દી દરમિયાન ઈરાકમાં બગદાદ મુકામે પ્રખ્યાત સૂફી સંત ઉમર રહેતા હતા. તેમને મળવા માટે રોજ મોટી સંખ્યામાં લોકો આવતા અને તેઓ સૌ સાથે પ્રેમપૂર્વક વર્તન અને સત્કાર કરતા. એક વાર એક દરવાન તેમની પાસે ગયો. તેણે જ્યારે જોયું કે ઉમર કહેવા માટે તો ફકીર છે, પરંતુ સોનાના આસન પર બેઠા છે. ચારેકોર સુગંધ છે, જરીના પરદા છે, સેવક હાજરાહજુર છે તથા રેશમની દોરીઓની સજાવટ છે. આમ જોવા જઈએ તો દરેક પ્રકારનો વૈભવ—વિલાસ છવાયેલો છે. દરવાન તો આ બધું જોઈને નવાઈ પામ્યો. ઉમર તેને કંઈ કહે એ પહેલાં તો તેણે સંભળાવી દીધું—હું તો તમારી ફકીરી ખ્યાતિ સાંભળીને દર્શન કરવા આવ્યો હતો, પરંતુ જોઉં છું તો તમે ભૌતિક સંપત્તિ વચ્ચે મોજ માણી રહ્યા છો. ઉમરે કહ્યું, તને જો વાંધો હોય તો હું આ જ ક્ષણે આ બધો વૈભવ ત્યાગીને તારી સાથે ચાલી નીકળું.



દરવાને હકાર ભણ્યો અને થોડી ક્ષણોમાં તો ફકીર બધું છોડીને તેની સાથે ચાલવા તૈયાર થઈ ગયા. બંને આશરે દસેક કિલો-મીટર ચાલ્યા હશે કે અચાનક દરવાન અટક્યો અને પાછો વળ્યો. ઉમરે કારણ પૂછ્યું તો તેણે જણાવ્યું કે તે તમારા સ્થાનકે કાંસનો કટોરો ભૂલી આવ્યો છે. એ તો પાછો લેવો જરૂરી છે એટલે પાછા વળવું પડશે. ત્યારે ઉમરે કહ્યું, બસ, આટલી અમથી વાત છે. હું તો તારી એક હાકલે લાખોનું ભૌતિક સામ્રાજ્ય છોડીને આવી ગયો, પરંતુ તું એક કટોરાનો મોહ છોડી શકતો નથી? આ તારો મોહ ખતરનાક છે. જ્યાંસુધી મન-ના મોહ હોય ત્યાંસુધી સત્યની પ્રાપ્તિ થવી મુશ્કેલ છે. મનમા મોહ કરતાં તો માટીમાં મળી જતી વસ્તુઓનો મોહ વધુ સારો.

**('દિવ્યભાસ્કર'ના સૌજન્યથી)**

જ્ઞાન અને શ્રદ્ધા ના હોય તો સંશય મટી શકે નહિ—કારણ જે ન તો પોતે જાણે છે અને ન બીજાની વાત માને છે—તેનું પતન થાય છે. **— યોગેશ્વરજી**

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

### પૂ. મા સર્વેશ્વરીના પિતાજી

# પૂ. શ્રી કાલીદાસભાઈ

(ગતાંકથી ચાલુ) **મા સર્વેશ્વરી**

આદિવાસીઓના વિકાસમાં પણ સેવા કરવાની હોંશ, પરિણામે જંગલ વિસ્તારમાં સહકારી મંડળીની સ્થાપના કરવા કોઈક જામીન જોઈએ તો તે જમાનામાં બાપુજી એક લાખ રૂપિયાના જામીન પણ થયેલા. કેટલી મોટી રકમના જામીન થવાની હિંમત પરહિત માટે, આદિવાસીઓના વિકાસ માટે કરતા. લોકસેવા જાણે એમના જીવનનું અવિભાજ્ય અંગ હતું.

મઢી સહકારી જીનનું પ્રમુખપદ સંભાળવું પડ્યું તો તે પદ ઉપરથી પણ એક પણ પાઈ પોતાના અંગત ખર્ચ માટે ના વાપરી. ઘરેથી જ પોતાનો ખર્ચ દર અઠવાડિયે આવીને લઈ જતા. કેવી પ્રામાણિકતા, નિઃસ્વાર્થ સેવાની શિક્ષા એમના જીવનમાં જોવા મળી!

ધીરુભાઈના જ શબ્દોમાં એ પ્રસંગ જોઈએ :

અમે જ્યારે નાના હતા ત્યારે બાજીપુરાથી નવરાત્રિ સમયે કપૂરામાં ઘેરૈયા આવેલા. બધાને આંગણે રમતા રમતા રાત પડી ગઈ તે સૌએ રાતે રામલીલા કરવી ને રાત પણ કપૂરામાં જ ગાળવાનું નક્કી થયું.

રાતના સમયે શ્રી રામભાઈ ગોવિંદજીને બારણે વચલે ફળિયે ૯ વાગ્યે રામલીલા શરૂ થઈ અને ગામમાંથી બધા છોકરાઓ જાય તેમ હું પણ ગયો. અને ઓટલા પર બેસીને જોવા માંડ્યો. તે વખતે પૂ. મામાએ જાણ્યું કે હું રામલીલા



જોવા ગયો છું. તરત જ હાથમાં ફાનસ લઈને ત્યાં આવ્યા. મને શોધી કાઢીને તરત જ ઉઠાડીને સાથે જ ઘરે લઈ ગયા.

ગ્રામસંસ્કૃતિમાં તે સમયે ભવાઈ કે રામલીલા પણ પ્રચલિત હતાં. ગામમાં અવારનવાર એવા હલકા મનોરંજનના કાર્યક્રમો પણ થતા. પણ પોતાનાં બાળકોને કદી પણ ત્યાં ના જવા દેતા. એક વાર શ્રી ધીરૂભાઈ પોતાના બાળપણમાં રામલીલા જોવા ફળિયાના બાળકો જોડે જોવા ગયા ઓટલે બેઠાને હજી તો શરૂ જ થઈ ત્યાં જ બાપુજી ફાનસ લઈને ધીરૂભાઈને જ્યાં બેઠેલા ત્યાંથી શોધી કાઢ્યા ને સમજાવીને ઘરે લઈ ગયા!

એ રીતે દરેક બાળકને કેળવણી જ એવી આપી હતી કે એવા કાર્યક્રમોમાં જવાની હિંમત જ ના કરતા.

એ રીતે ઘરના દરેક બાળકે બાળપણથી જ જ્યાં જવાનું હોય તે કહીને જવાનું, જેમ કે કાકાને ઘરે રમવા જવું હોય તોપણ ઘરમાં કહીને જવાનું અને જો કહ્યા વિના જાય તો બાપુજી જરૂર ઠપકો આપીને શિક્ષા કરતા.

એક વાત અતિઅગત્યની છે કે બાપુજી કે બા કદી પોતાનાં સંતાનોને માર ના મારતાં. બાપુજીએ તો કદી કોઈને માર માર્યો હોય એવું બન્યું નથી. બા કોઈક વાર હદ થાય તો એકાદ થાપડ આપતાં. કદી ઉગ્ર ન થનાર બાની એક થાપડ જ સૌની આંખ ઉઘાડી દેતી. સામાન્ય ઘરોમાં જેમ માતાપિતા મારપીટ કરે છે તેવી કદી મારપીટ એ ઘરમાં કોઈએ અનુભવી નથી. બાપુજી તો કોઈ બાળક જીદ કરે તો સોટી બતાવે ને તેને રાગમાં ગાય :

સોટી સોટી આવજે, સરોજને મારજે.

બસ આ રીતે ગાવાનું જ! બાળક પણ જાણે કે બાપુજીની

સોટી કદી આપણને વાગવાની નથી. પાસે આવવાની નથી. એટલે બાપુજી મારશે એવો ડર તો કોઈને જ ન હતો. પણ વઢશે, ઠપકો મળશે એવો ડર તો સૌને લાગતો.

એક વાર સુશીલાબહેન વચલે ફળિયે એમની બહેનપણી જોડે ભજનમાં ગયેલાં. ઘરમાં કોઈને જણાવેલું નહીં. પૂછ્યા વગર જ ત્યાં પહોંચી ગયેલાં! ભજન પૂરા થતાં રાતે નાનકડાં સુશીલાબહેન આવ્યાં તો બાપુજીએ બારણું ના ખોલ્યું, ના ખોલવા દીધું. બહાર બાંકડે રાત વિતાવવાની આવી. એક કલાક પછી બાપુજી જ ઘરમાંથી ઊઠીને બહાર ગયા ને ઠપકો આપ્યો ને ઘરમાં લઈ આવ્યા.

શારદાબહેન પણ નાનાં હતાં તો બહેનપણી જોડે બોર ખાવા ગામમાં દૂર બોરડી હતી ત્યાં ગયેલાં. ઘરમાં જણાવ્યું ન હતું. બાપુજીએ જાણ્યું એટલે વઢ્યા. બસ, વઢ જ બાળકને માટે પર્યાપ્ત થઈ રહેતી. બાળક કદી પછી તે કામ ના કરે. વારેવારે કહેવું ના પડતું.

બાળકોને તો કદી ના મારે પણ ઘોડાગાડીના ઘોડાને પણ કદી ચાબુક ના મારે. બાપુજી ઘોડાગાડી ચલાવે એટલે ઘોડો પણ જાણી જતો ને ધીરે ધીરે ચાલતો. જીદ કરતો, 'નથી જવું' એમ વિચારીને તોફાને પણ ચઢતો. જાણે ઘોડો બાપુજી પાસે એ રીતે લાડ કરતો! ત્યારે મોટાભાઈ વામનભાઈના એક અવાજે ઘોડો સીધો થઈને ચાલવા માંડતો.

બાપુજી અંધશ્રદ્ધાના પણ ભારે વિરોધી હતા. ઘરમાં નાનાં બાળકો તો હતાં જ. છતાં કદી કોઈના હાથમાં કાળો દોરો, માદળિયાં કે નજર ઉતારવી એવાં કોઈ સાધનો એ ઘરમાં ના વાપરતાં. બાળકોને ઓરીઅછબડા કે શીતળા થતા તો પણ



ફરજિયાત સ્નાન કરાવતા. વૈદ્યની સંપૂર્ણ સારવાર કરતા ને કરાવતા. કુદરતી ઉપચારોમાં શ્રદ્ધા એટલે તે જ પ્રયોગ કરતા. પોતાના જ કાકાના દીકરા પંડિત ગોવિંદરામ વૈદ્યરાજ હતા એટલે બાપુજી પણ વૈદ્યકીય ઉપાયો જાણતા ને અજમાવતા. શારદાબહેન દશ વર્ષનાં હતાં. ત્યારે ચોથું ધોરણ બાજીપુર ભણવા ગયાં. તે સમયે પણ શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમો ગરબા, નાટક થતા. શારદાબહેને પણ ભાગ લીધો હતો. વાલીઓને પણ આમંત્રણ હતું તો બાપુજી ત્યાં ગયા. વાર હતી એટલે ઘરે ગયા. શારદાબહેન તો મોસાળમાં રહીને ભણતાં હતાં. ત્યાં ગયા તો શારદાબહેન મળ્યાં. તેમને તાવ આવતો હતો. બાજુવાળા વડીલ દાદીમાએ બહેનને તાવ ના આવે કે તાવ ઊતરી જાય તેને માટે કાળો દોરો બાંધેલો. બાપુજીએ એ જોયો કે તરત તેને તોડી નાખ્યો. ત્યાંના વડીલોને ચિંતા તો થઈ કે, "પાછો તાવ ચઢશે તો?" પણ બાપુજી સામે કોણ બોલે! કાળા દોરા તે વળી તાવ મટાડે? વૈદ્યની દવા ને પ્રાર્થના જ ઔષધ એવું માનનારા બાપુજી એવું કશું પણ ના ચલાવી લેતા. જ્યાં જ્યાં અંધશ્રદ્ધા ત્યાં ત્યાં બાપુજીનો દૃષ્ટિકોણ ખંડનાત્મક રહેતો. પરિણામે એમના કોઈ સંતાનમાં આજે પણ ભૂતપ્રેતનો ડર પ્રવેશી શક્યો નથી.

ખેતીકામમાં કામ કરતા મજૂરો માટે પણ ભારે હમદર્દી, એમને કપડાં, ભોજન, અરે માંદા પડે તો ઉત્તમ સારવાર આપવાનું બધું જ કાર્ય બાપુજી ફરજ માનીને બજાવતા. અરે! વાડીમાં ઘેટાં—બકરાં બેસાડવા સૌરાષ્ટ્રના ભરવાડો આવેલા તો સાંજે એક વાર તેમને મળવા નાનાં શારદાબહેનને પણ લઈ ગયા! વાડીએ ગયા તો તે પરિવારની હીરાડોશી રડવા માંડી

એની દીકરી ખૂબ માંદી પડી ગઇ હતી. શારદાબહેનને ત્યાં જ રહેવા દઈને બાપુજી તરત જ વાડી છોડીને ઘોડાગાડી લઈને વ્યારા ગયા. ડૉક્ટરને સીધા વાડીમાં લઈ આવ્યા ને ડૉક્ટરે સારવાર આપી. દર્દીને પતરાના ડેલામાં ખસેડીને નિયમિત સારવાર દિવસો સુધી ડૉક્ટરોદ્વારા આપીને તેને સાજી કરી, ત્યારે જ બાપુજીને શાંતિ થઇ. તે હીરાડોશી પછી તો ઘણી વાર ઘરે આવતાં ને કહેતાં, 'કાળુભા, તમે ના હોત તો મારી દીકરીનું શું થાત? તમે જ એને બચાવી.' બાપુજી કહેતા 'બચાવનારો રામ!' સર્વોત્તમ સારવાર સેવકોની પણ કરવાની એવી આગવી વિશેષતા બાપુજીમાં હતી.

સ્વરાજની લડતમાં પોતાનાં બાળકોને ગાંધીજીની એક હાકલે શાળામાંથી ઊઠાડી લીધાં. અરે લડતમાં સક્રિય ભાગ લેવડાવીને જેલવાસનું પણ સદ્ભાગ્ય સંતાનોને ધર્યું. ગાંધીજી ગોડસેની ગોળીથી વીંધાયા તો તરત જ પ્રાર્થનાસભામાં બાપુજી જોડાયા. અને પેપરો દ્વારા જ્યારે જાણ થઈ કે ગાંધીજીના વિરોધી જે વિચારસરણી ધરાવે તેની સાથે સંકળાયેલી જ આ આર્યકન્યા વિદ્યાલય પણ છે. એ જાણતાં જ પોતાની દીકરી સુશીલાબહેન ત્યાં ભણતાં હતાં તેમને ફેબ્રુઆરીના પહેલા જ અઠવાડિયામાં ઊઠાડી લીધી! 'અભ્યાસ બગડશે, પરીક્ષા માર્ચમાં જ છે. બે ત્રણ મહિના પછી કાકા તમે લઈ જજો.' સંસ્થાના સંચાલકોની આવી કોઈ દલીલ બાપુજીના ગળે ના ઊતરી! ના જ ઊતરે ને! દેશભક્તિ—દેશદાઝ જેના રોમરોમમાં પથરાયેલી હતી તે એવું જ કરે ને! એ સંસ્થાનો પણ જાણે બહિષ્કાર જ શોભે! ગાંધીજી પ્રત્યે ને દેશ પ્રત્યે કેવો ભક્તિ-ભાવ! કેવો આદરભાવ!



પોતે ખાદી જ પહેરતા, રેંટિયો કાંતતા, કંતાવતા. ખાદી જ ઘરમાં સૌને પહેરાવતા. અરે! શારદાબહેનના લગ્નપ્રસંગે પણ પાનેતર તો ખાદીનું ખરું જ! પણ સામે પક્ષે જે કંઇ વહેંચણ (વહેંચવાનું હતું) તે પણ બધું જ ખાદીનું. સૌ સામાજિક વ્યવહાર પ્રસંગે ખાદી જ આપવાની! સૂરતથી પાતળી ખાદીના તાકાઓ લાવી, તેને બોર્ડર છપાવેલી ને બોર્ડરવાળા સાડલા સામે પક્ષે વ્યવહારના નિયમ પ્રમાણે વહેંચનાર બાપુજીની ખાદી પ્રત્યે કેવી ભક્તિ હશે! દાદીમા આખો દિવસ રેંટિયો કાંતતાં પછી વળી બા કાંતતાં. તો એ જ સૂતરને ફાળકા ઉપર કાંતી આંટી બનાવીને વેડછી હાથસાળ ઉપર વણાવીને જે ખાદી તૈયાર થતી તે જ બાપુજી પહેરતા. કફની, ટોપી, બંડી, ધોતી, સંપૂર્ણ ખાદીના! હાથરૂમાલ કે સ્નાનના ટુવાલો પણ ખાદીના ને પલંગની ચાદર પણ ખાદીની જ! ખાદી પ્રત્યે સન્માન, ભક્તિ-ભાવ ને ખાદી જ અપનાવવાનો આદર્શ દેશભક્ત બાપુજીના અંતરે વસ્યો હતો.

ગાંધીભક્ત તરીકે બાપુજીનું જીવન ગાંધી આદર્શોને જીવન આંગણે ઉતારતું હતું. પોતાને જે વાત આદર્શ લાગે તેને વ્યાવહારિક જગતમાં સૌ કોઇ આચરે એવો પણ આગ્રહ રાખતા. ગાંધીજીનો જન્મદિન પણ બાપુજીને મન એક પવિત્ર મંગલ પર્વ જેવો જ હતો. વેડછી આશ્રમમાં ગાંધીજયંતીનો ઉત્સવ ઊજવાઇ રહ્યો હતો. બાપુજી સક્રિય સેવક અને આશ્રમના ટ્રસ્ટી પણ ખરા! એટલે ત્યાં હાજરી તો આપવાની જ હતી. ઘરમાં ધીરૂભાઇએ એ વાત જાણી કે મામા વેડછી જવાના છે. તો તેમને પણ ઇચ્છા થઇ વેડછી જવાની. ઘરમાં દાદીમા જમુનામા હતાં તેમને ધીરૂભાઇએ વાત કરી કે મારે

મામા સાથે વેડછી જવું છે. દાદીમાએ એ રજૂઆત બાપુજીને કરી. પછી જે સંવાદ થયો તે આ મુજબ હતો :

બાપુજીએ કહ્યું : તમારે આવવું છે?

ધીરૂભાઈ : હા.

બાપુજી : એક શરત છે. પાળશો?

ધીરૂભાઈ : હા.

બાપુજી : ગાંધીજયંતી છે તો તમારે પણ ઉપવાસ કરવો પડે. જો તમે ઉપવાસ કરી શકતા હોવ તો લઈ જાઉં.

ધીરૂભાઈએ એ શરત સાંભળી છતાં જવા તૈયાર થયા. બાપુજી ચાલતા જ જવાના હતા. એટલે ધીરૂભાઈને પણ ચાલતા જ જવાનું હતું. વેડછી ચાર માઈલ હતું. ત્યાં પહોંચી ગયા. ઘણા બધા ગાંધીભક્તો, સેવકો, કાર્યકર્તાઓ ત્યાં મળ્યા. સૌ સાથે ધીરૂભાઈએ પણ મગફળી ને ખજૂર જ લીધાં. પાછા ચાલતાં જ મામા સાથે કપૂરા આવી પણ ગયા. ગાંધીજયંતી ને ગાંધીજી માટે કેવો આદરભાવ? ઉપવાસ કરવાનો ને સાથે આવનારને પણ કરાવવાનો જ. ગાંધીજયંતી મનાવવા વેડછી જવાનું જ. એ પવિત્ર ફરજ માટે પણ જાગ્રત.

બાપુજી નાના–મોટા સૌને શુદ્ધ ઉચ્ચાર સાથે જે નામ હોય તે જ નામથી બોલાવતા. જેમ કે, બાજુમાં જ યોગેશ હતો. તેના ઘરમાં ને ફળિયામાં સૌ તેને ‘યોગુ’ કે ‘યોગલો’ કહેતા. એ રીતે ‘ગુણિયો’ ‘દીનીયો.’ ગામડામાં નામ બગાડવાની એક ખાસિયત. કપૂરામાં પણ હોય જ ને! બાપુજી તે સૌને ‘યોગેશ-ભાઈ’, ‘ગુણવંત’ ‘દીનશાજી’ કહીને જ બોલાવતા. અભ્યાસ-ની વાતો પૂછતા, ‘કોણ કયા ધોરણમાં ભણે છે? તેના શિક્ષક કેવા છે? તે કેવું ગૃહકાર્ય આપે છે? ભણતા બાળકનું વાંચન કેવું છે. વગેરે નાની–નાની વાતો પૂછી–પૂછીને તેમના જીવનમાં મિત્રભાવે પ્રવેશવાની પણ વિશેષતા બાપુજીમાં હતી. એટલે અહીં ઉપરના પ્રસંગમાં પણ પોતાનો ભાણેજ જ હોવા છતાં તેમને સન્માનથી જ બોલાવવાનો આદર્શ શિષ્ટાચાર પણ સર્વ માટે અનુસરણીય છે. વિશેષ નોંધપાત્ર વાત તો એ છે કે પોતાનાં ધર્મપત્નીને પણ તમે કહીને આદર ને સન્માનથી જ બોલાવતા. કદી તુંકાર એમના મુખમાં અમે સાંભળ્યો નથી.’



અસ્પૃશ્યતાનિવારણના આંદોલનમાં ગાંધીજીની વિચારધારાને બાપુજીએ પણ જીવનમાં ઉતારવા પ્રયત્ન કર્યા. કપૂરામાં જાહેર કૂવા ઉપર કે દરેક અગંત વાડામાં કૂવા ઉપર હરિજનોને પાણી ભરવાનો હક ન હતો. તેઓ કદી આ કૂવે ના ચઢી શકે. રૂઢિચુસ્ત ભક્ત સમાજની આચારસંહિતામાં અભડાઈ જવાનું સૂક્ષ્મ ગણિત પણ કામ કરતું હતું. તે દિવસોમાં બાપુજીએ કપૂરા ગામમાં હિંમત કરીને હરિજનોને ગામના કૂવા પર ચઢાવીને પાણી ભરાવ્યું. લોકોનો ભારે વિરોધ છતાં એ કાર્યક્રમ સફળ બનાવ્યો. ગામનો સાર્વજનિક કૂવો બાપુજીના ફળિયામાં જ હતો. આજે પણ છે જ. સાર્વજનિક કૂવા પર હરિજનપ્રવેશ કરાવી તે જ મંડળીને બાપુજીએ એક બીજી દિશા ચીંધી. ભક્ત સમાજ હરિજનોને ઘરમાં પ્રવેશ આપતો ન હતો. તે દિવસોમાં બાપુજીએ નીડરતાથી પોતાના ઘરમાં જ તે મંડળીને દાખલ કરીને, ઘરમાંથી પસાર કરાવીને વાડામાં જે ઘરનો કૂવો હતો તેના ઉપર પણ હરિજનો પાસે પાણી ભરાવ્યું. દાદીમા કડક હતાં. બાપુજીને કડક શબ્દોમાં વઢ્યાં. જોરજોરથી બૂમો પાડવા લાગ્યાં. પણ બાપુજીએ પોતાનું ધાર્યું જ કરી બતાવ્યું. વિરોધનો વંટોળ ક્યાંયે આડે ના નડ્યો.

વિરોધો વચ્ચે પણ જે સત્ય સમજાયું તેને પકડી રાખવાની બાપુજીની મક્કમતા પાછળ મહામાનવની માનવતા છૂપાયેલી હતી.

હરિજનોને કૂવા પર ચઢાવવા કે ઘરમાં દાખલ કરવા તો જ્ઞાતિનો બહિષ્કાર પણ મળે એવો પણ ભય હતો. છતાં સઘળું સહી લઈને હરિજનોને ભાઇ માનીને ભેટવાની એમની પ્રવૃત્તિ પણ સંપૂર્ણ સફળ થઈ. કપૂરા ગામમાં એ રીતે હરિજનોનો સ્વીકાર થયો ને બાપુજી જાણે હરિજનોના હૈયામાં પણ સ્થાન પામ્યા.

તે જમાનામાં બાળલગ્નો થતાં. સમાજમાં સૌને એ વાત સામાન્ય લાગતી હતી. બાપુજી એ બાળલગ્નોના પણ વિરોધી હતા. અંભેટીમાં ભક્ત સમાજના પરિવારમાં કાળિદાસભાઈની દીકરી દેવીબહેનનાં બાળલગ્ન થવાનાં હતાં. તો બાપુજી એમના સાથી મિત્રો સાથે તે લગ્નનો વિરોધ કરવામાં તે લગ્નને થતા અટકાવવા માટે કપૂરાથી ત્યાં પહોંચ્યા. કાળા વાવટા ફરકાવી, સમજાવી, બાળલગ્નને અટકાવવા પ્રયત્ન કરેલો. જેમના ઘરે લગ્ન હતાં તે ઘરના વડીલોની ગાળ પણ બાપુજીને મળી છતાં એક સુધારાવાદી સત્કર્મ કર્યાનો સંતોષ તો મળ્યો ને! અને પાછા કપૂરા આવી પણ ગયા. પોતાના ગામમાં કપૂરામાં જ જો બાળલગ્ન હોય તો ત્યાં પણ વિરોધ કરતા તેઓ અચકાતા ન હતા. ફળિયામાં જ ભીખીબાના પિતરાઈ ભાઈનું પણ ઘર હતું. તેમના પુત્ર નાથુભાઈનું જ લગ્ન હતું. પણ તે બાળલગ્ન હતું. ભીખીબાને તો સામાજિક વ્યવહાર મુજબ જવું જ પડે. બાપુજીને પણ વ્યવહારની રીતે જવું જ પડે. પરંતુ બાપુજીએ કહી દીધું 'હું તો નથી જ જવાનો પણ તમારે પણ શા



માટે જવું પડે? એ બાળલગ્નમાં તમારે પણ જવાની જરૂર નથી.' અને બાપુજીની ઇચ્છા બાએ શિરોમાન્ય રાખી. એક બાજુ પતિની ઇચ્છા છે ને બીજી બાજુ ભાઈના ઘરે પ્રસંગ છે. પણ પતિપારયણ બાએ કોઈ પણ દલીલ કે વિરોધ વિના એ વાત સ્વીકારી લીધી. બન્ને એ લગ્નમાં ના ગયાં. પરિણામે દિવસો સુધી કટાક્ષવચનો પણ સાંભળવાં પડ્યાં. બાપુજીના સિદ્ધાંત સામે સગાં–વહાલાંનું. કટાક્ષબાણોનું કે વ્યવહારનું ગણિત પણ ના ફાવે. સિદ્ધાંતમાં ક્યાંયે બાંધછોડ કે છટકબારી ના જ થાય! સિદ્ધાંતનિષ્ઠાનો પાઠ જાણે ઘરમાં જ બાપુજીના સ્વરૂપે જીવંત હતો.

૧૯૪૭ પછી જે ચૂંટણીઓ થતી તેમાં પણ પ્રામાણિકપણે મતદાન થતું. કપૂરામાં જ્યારે જ્યારે ચૂંટણી હોય ત્યારે પ્રમાણિક મતદાનની દેખરેખ પણ બાપુજી રાખતા. અમે પણ કોલેજમાં હતાં પછી સાધના વિદ્યાભવનમાં હતાં. તો નિયમિત બાપુજીનો પત્ર આવી જ જાય. 'આ તારીખે કપૂરામાં મતદાન છે આવી જવું.'

જે પક્ષે દેશની સેવા કરી. જે પક્ષમાં સિદ્ધાંતવાદી નેતાઓ છે તે જ પક્ષને પોતે વળગી રહ્યા. મિત્રો છોડી ગયા છતાં પક્ષની નિષ્ઠામાં ના ડગ્યા. ચૂંટણીમાં કોઈ પદ માટે ઊભા રહ્યા પણ દેશને સારા નેતા મળે તે માટેના સક્રિય પ્રયત્નો તો કાયમ કરતા જ રહ્યા. ચૂંટણીના દિવસોમાં પ્રચારકો, કાર્યકર્તાઓ, વ્યવસ્થાપકો સૌની અવરજવર ઘરમાં વધી જતી. રોટલો ને ઓટલો બન્ને પામતા સૌ ઠરતા. જાણે પોતાનું જ ઘર છે. એમ માની એકત્વની, બંધુત્વની ભાવનાનું વિસ્તૃતીકરણ કરતા.

# ગ્રાહકો આ ફેરફારને નોંધી લે

અધ્યાત્મ માસિકનો હવે પછીનો તંત્રી સાથેનો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવા વિનંતી છે.

**નારાયણ હ. જાની**
તંત્રી અધ્યાત્મ
૬, વૃંદાવન ફ્લેટ્સ, હવેલી પાસે,
આતાભાઈ, **ભાવનગર**—૩૬૪ ૦૦૧
ટેલિફોન નંબર : **૨૫૭૨૫૦૨**

સરનામામાં ફેરફાર અંગે કે અંકો ન મળ્યાની ફરિયાદના જલ્દી નિકાલ માટે આ સરનામે સંપર્ક કરવો.

**ડો. બી. જે. જાગાણી**
૨૪, નાલંદા ટેનામેન્ટ,
એસ. બી. એસ. ટ્રેઈનિંગ સેન્ટર પાસે,
**ભાવનગર**—૩૬૪ ૦૦૨
ટેલિફોન નંબર : ૨૪૭૧૨૩૦

વાર્ષિક લવાજમ M.O.થી તંત્રીને મોકલવું, આજીવન સભ્ય ફી રૂા. ૨૫૧ ના ડ્રાફ્ટ જ **સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ**ના નામનો મોકલવો. કોઈ પણ સંજોગોમાં ચેક સ્વીકારવામાં આવશે નહિ, તેની નોંધ લેવી, કારણ કે આઉટ સ્ટેશનોના ચેક ઉપર કમિશન સર્વીસ ટેક્સ ને પોસ્ટ ચાર્જીજના નામે બેંકો રૂા. ૫૦ ઉપર કાપી લે છે.

**— તંત્રી**



# શ્રી જગજીવન બાપુને પ્રખર યોગી શ્રી અરવિંદ ઘોષનું તેડું

**મીનળબેન વોરા**

[સાચા સંતો પોતાનું સંતપણું સંતાડતા રહે છે. શ્રી જગજીવન બાપુનું પણ એવું જ હતું. બાહ્ય દેખાવ સાવ ગામડાના એક વૈદ જેવો. લોકો એમને વૈદ તરીકે જ જાણે ને ઓળખે. તદ્દન અહંશૂન્ય હોવાને કારણે મુંબઈ કોઈ સ્નેહી-ઓની દવા કરવા આવે, તોપણ પોતાની યૌગિક શક્તિવડે ઘટતી ઘટનાઓનો કદી યશ ન લે.

સૌરાષ્ટ્રના ઉના પાસેનું સીમર ગામ શ્રી બાપુની જન્મભૂમિ અને કેટલાંક વરસો માટેની કર્મભૂમિ પણ. આજે પણ સીમર ગામમાં પૂ. જગજીવન બાપુનો આશ્રમ છે. ને તેઓમાં શ્રદ્ધા-ભક્તિ ધરાવતા સાધકો ત્યાં જઈ આધ્યાત્મિક પ્રેરણા મેળવે છે.

તેઓશ્રીની ઉત્તરાવસ્થામાં ઉમરગામ અને આસપાસનો વિસ્તાર એમનું સેવાક્ષેત્ર બન્યું. એક સંત તરીકેની પ્રતિષ્ઠા તેઓ પામ્યા.

અહીં જે ઘટના નોંધી છે તે આશ્ચર્ય પમાડે તેવી છે. બાપુ ખંભાતમાં એક ભાઈની સારવારમાં રત હતા ત્યારે આંતર્-પ્રેરણારૂપે યોગી શ્રી અરવિંદનો સંદેશો મળ્યો. ''પોંડિચેરી આવો, જગજીવનદાસજી.'' આ સંદેશો આંતર જગતમાં સતત મળતો રહ્યો.

બાપુને નવાઈ લાગી! મને અરવિંદ શું કામ બોલાવે. જ્યારે ફરી પાછો આ સંદેશો દોહરાયો ત્યારે બાપુએ ઉત્તરમાં અંતરમાં કહી દીધું, શી રીતે આવું? નથી પોંડિચેરીની પરમીટ

(તે વખતે એ ફ્રેંચ સંસ્થાન હતું) કે નથી ત્યાં આવવાના પૈસા.

જાણે તેઓનું પોંડીચેરી જવાનું અનિવાર્ય હશે એથી જ તેનો પ્રત્યુત્તર પણ આંતર જગતમાં મળ્યો, ''ખંભાતથી મુંબઇ જાઓ. પરમીટ અને પૈસાની વ્યવસ્થા થઇ જાશે.''

શ્રદ્ધા રાખી મુંબઇ ગયા ને ખરે જ બધી વ્યવસ્થા થઇ ગઇ. ને તેઓ પોંડિચેરી પહોંચી ગયા.

આપણને પ્રશ્ન એ થાય કે બાપુ, અંગ્રેજી જાણતા નહિ, શ્રી અરવિંદ થોડું ગુજરાતી સમજતા બાકી અંગ્રેજી, ફ્રેન્ચ ને બંગાળી જાણે. ક્યાં જગવિખ્યાત યોગી શ્રી અરવિંદ અને ક્યાં આ સીમરના સાદા વૈદ્યરૂપે અભિનય કરતા સંત!

આટલી પશ્ચાત્ ભૂમિકા પછી આ આખો લેખ વાંચો. સંતો સૂક્ષ્મ જગતદ્વારા કેવી અદ્ભુત લીલા કરતા હોય છે, તેમાં ડોકિયું કરવાનું આ ઘટનાથી જાણવામાં આવશે. વાણીના વ્યવહાર વિના મૌનમાં સંદેશાઓ આપલે કરવા સમર્થ સંતો સક્ષમ હોય છે, તે સમજવું આજના મોબાઇલ યુગમાં અઘરું નથી. **— તંત્રી**]

## પોંડિચેરીના શ્રી અરવિંદનો સંદેશો

દરદીઓની દવા નિમિત્તે મુંબઇ આવવાનું બાપુને અવાર-નવાર થતું. જેમ જેમ મુંબઇના રહેવાસીઓને બાપુની શક્તિ વિશે જાણ થતી ગઇ તેમ તેમ દરદીઓની સંખ્યા વધતી ગઇ. ક્યારેક તેમના સંબંધીઓની સારવારાર્થે ખંભાત અને પેટલાદ પણ જતા. ખંભાત મુકામે હીરાભાઇ તમાકુવાળાના નાનાભાઇ શ્રી જયંતિભાઇની સારવારમાં બાપુ રચ્યાપચ્યા હતા ત્યારે એક દિવસ આંતર્પ્રેરણારૂપે યોગી શ્રી અરવિંદનો સંદેશો હૃદયમાં સતત મળતો રહ્યો, 'પોંડિચેરી આવો, શ્રી જગજીવનદાસજી! આપ પોંડિચેરી પધારો...સિદ્ધયોગી શ્રી જગજીવનદાસ! જલદી



પોંડિચેરી આવી જાઓ!' આ સંદેશો તાર કે ટેલિફોનદ્વારા નહોતો મળ્યો. સીધેસીધો જ સંભળાતો હતો. એને આકાશ-વાણી ગણીએ કે અંતઃપ્રેરણા?

બાપુને નવાઇ લાગી! પોંડિચેરીના શ્રી અરવિંદ તેમને બોલાવે? તેમને શું કામ પડ્યું? એક વિચાર ઝબક્યો પણ ખરો, 'ક્યાં દેશી ઢબની રહેણીકરણીવાળા સીમર ગામના આ વણિક? અને ક્યાં પરદેશી ઢબની રીતભાત ધરાવનારા 'વિલાયતી' શ્રી અરવિંદ?' હજી આટલો વિચાર ચાલતો હતો ત્યાં તો ફરી પડઘો ઊઠ્યો, 'પોંડિચેરી પધારો, શ્રી જગજીવનદાસજી, જલદી પધારો.' હવે એટલું સ્પષ્ટ થતું હતું કે એક યોગી કોઇક અકળ કારણસર અન્ય યોગીને આવાહન કરી રહ્યા હતા. યોગીઓને પરસ્પરના મિલનમાં ન્યાતજાત, વર્ણભેદ, દેશીપરદેશીની લક્ષ્મણરેખા કેવી? ''યોગીઓ તો પરસ્પર આત્મજ્યોતિથી જ જોતા હોય!''

બીજી વખત જ્યારે આ સંદેશો મળ્યો ત્યારે શ્રી જગજીવન-બાપુએ વળતો ઉત્તર આપતાં જણાવ્યું, 'શ્રી અરવિંદ! જુઓ : એક તો (મારી પાસે) પોંડિચેરીના પ્રવેશની પરમિટ નથી, અને બીજું (મેં) મરજિયાતપણે સ્વીકારેલું અયાચકવ્રત; તેથી દ્રવ્યનો સદંતર અભાવ, એટલે પોંડિચેરી આવવું શી રીતે?'

પોતે સ્વીકારેલા કડક નિયમોનું ઉલ્લંઘન કરવું બાપુને ઉચિત ન લાગ્યું, તેથી બાપુએ દૂર રહ્યે રહ્યે જ પોતાના વિચારો શ્રી અરવિંદ પ્રતિ સંક્રાન્ત કર્યાં. શ્રી અરવિંદને મન બાપુનું પોંડિચેરી જવું અનિવાર્ય હશે, એટલે ફરી અદીઠ સંદેશો મળ્યો, 'ખંભાતથી મુંબઇ પહોંચો. બધું ગોઠવાઇ જશે. પોંડિચેરીની પરમિટ તથા આશ્રમમાં દાખલ થવાની પરમિટ પણ મળી રહેશે.' બાપુએ અતિ નમ્રપણે નિમંત્રણ સ્વીકારીને મિતાક્ષરી સંદેશો પાઠવ્યો, 'ભલે.'

હીરાભાઇને સઘળી હકીકત જણાવી. બાપુ મુંબઇ આવ્યા. તેમણે ઉના વણિક બોર્ડિંગના ગૃહપતિ મણીભાઇ માસ્તરને ટેલીગ્રામ કરીને મુંબઇ આવવા જણાવ્યું. તેમને શ્રી અરવિંદ પ્રત્યે સવિશેષ ભાવ, એટલે તાર મળતાં જ તરત મુંબઇ પહોંચ્યા. મુંબઇ મુકામે બાપુ પાસે એક અપરિચિત વ્યક્તિ આવી. તેણે કહ્યું, 'શ્રી અરવિંદનો સંદેશો મળવાથી આ પરમિટ અને બે ટિકિટ.' આમ અદૃશ્ય સંદેશાઓ કઇ રીતે પહોંચતા હશે? બાપુની સાથે રહેનારાઓને આશ્ચર્ય તો થતું જ; પણ કોઇની પાસે એનો ખુલાસો નથી, કારણ કે કોઇએ પણ મણીભાઇ વગેરેને પૂછપરછથી કે ખૂદ બાપુને જ પૂછીને તે વાત અંકે કરી નથી.

બીજે દિવસે તો બાપુ તથા મણીભાઇ પોંડીચેરી તરફ રવાના થયા. આશ્રમમાં દાખલ થવા માટે એક લાંબી કતાર! બાપુ સ્વયં શિસ્તના આગ્રહી, એટલે શાંતિથી ઊભા. મહાયોગી શ્રી અરવિંદે શ્રી જગજીવનદાસજીને તો ખાસ નિમંત્રણ પાઠવ્યું હતું. એક મહાયોગી અન્ય મહાયોગીનું માન જાળવે જ. એક ભાઇ ધીમે અવાજે કતારમાં ઉભેલી દરેક વ્યક્તિને નામ પૂછતાં જણાયા. બાપુનો વારો આવ્યો. બાપુએ કહ્યું, 'જગજીવનદાસ.' પેલા ભાઇ તો સહુના દેખતાં જ બાપુના પગમાં પડીને વિનવવા લાગ્યા, 'પરમ પૂજ્ય શ્રી જગજીવનદાસજી! આ...પ...આ...પ...ને અત્યારે જ અંદર લઇ આવવાનું શ્રી અરવિંદ તરફથી સૂચન થયું છે. કૃપા કરીને આપશ્રી કતારમાં ન ઊભા રહો.' બાપુને તો મોટાઇની ઇચ્છા જ કેવી? તેમણે કહ્યું, 'ભાઇ, આંહી કતારમાં સારું છે. ધીમે ધીમે દાખલ તો થવાનું જ છે ને?' પેલા ભાઇના ભાવભર્યા દબાણ આગળ બાપુએ નમતું મૂક્યું.

તેમને માટે નિવાસખંડ અલાયદો. બધી જ વ્યવસ્થા



અદ્‌ભુત! ત્રણ દિવસ મહેમાનગતિ માણી. ચોથે દિવસે શ્રી અરવિંદનાં દર્શન થવાનાં હતાં. 'બાપુનો આવો વિશિષ્ટ સત્કાર શા માટે?' મણીભાઇ ત્રણેય દિવસ દરમ્યાન બસ પરમ આશ્ચર્યપૂર્વક આ જ પ્રશ્ન સતત ઊઠતો રહ્યો! કારણ સ્પષ્ટ હતું. બાપુ એટલા બધા સરળ સ્વભાવના રહી શક્યા હતા કે તેમની સાથે વસનારી વ્યક્તિઓને પણ તેમના મહાયોગીપણાનો ખ્યાલ ક્યાંથી આવે? તેમના પ્રત્યે સવિશેષ અહોભાવ ક્યાંથી જાગે? શ્રી અરવિંદના ભક્ત પરિવારવતી શ્રી જગજીવનબાપુની થયેલી સરભરા જોયા પછી મણીભાઇને તેમના વતનના આ પારસમણિનું મૂલ્ય સમજાયું! આ સ્પર્શમણિ તો છૂપા રહીને જ નજીક આવનારને પલટાવવા માગતા હતા. તેઓ ઓળખાઇ જવા માગતા જ નહોતા. અને આ રીતના અહંવિલોપનમાં જ તેમની મહાનતા હતી!

ચોથા દિવસનું પરોઢિયું. મળસ્કે જ પોંડીચેરી આખેઆખું જાગી ગયું! પ્રવૃત્તિથી ધમધમવા લાગ્યું. શ્રી અરવિંદના દર્શનાર્થીઓની લાં....બી કતાર. ભલભલા ઉદ્યોગપતિઓ, ડોક્ટરો અને વકીલો પણ હારમાં ઊભા હતા. એમાં બાહ્યદૃષ્ટિએ નિષ્કિંચન જેવા જણાતા શ્રી જગજીવનબાપુ અપવાદરૂપ! શા માટે? તેમનું જીવન અનોખું, તેમનો યોગ અદ્‌ભૂત, મનનું વલણ પણ તટસ્થ. નૈષ્ઠિક બ્રહ્મચારીની બ્રહ્મનિષ્ઠા પણ અદ્વિતીય.

શ્રી અરવિંદનાં દર્શન માટે જતાં પહેલાં બાપુએ મણીભાઇને કહ્યું, 'ભાઇ, અરવિંદનો અર્થ કમળ થાય, ખરુંને?' મણીભાઇને નવાઇ લાગી. તેમણે પૂછ્યું, 'કેમ બાપુ, આમ પૂછવું પડ્યું? અરવિંદનો અર્થ તો કમળ જ.' બાપુએ હોંશથી જણાવ્યું, 'અહીં ફલ વેચનારાઓ પાસે એકેય કમળ દેખાતું નથી, પરંતુ આપણે તો કમળ જ ધરાવવાના છીએ.' મણીભાઇએ પૂછી

લીધું, 'કમળ ધરાવવાની ઇચ્છા તો રાખીએ, પરંતુ કમળ લાવશો ક્યાંથી?' બાપુ બોલ્યા, 'હમણાં કોઈક આવશે.'

થોડી ક્ષણો વીતી. અચાનક એક પરિચિત બહેને બાપુને જોયા. એ બહેન તો બાપુનાં દર્શને હરખઘેલાં થઇ ગયાં. પ્રણામ કરીને પરસ્પર ખબરઅંતર પૂછતાં હતાં, ત્યારે તેમનું ધ્યાન પોતાના ફૂલના થેલા ઉપર ગયું. તેમણે બાપુને કહ્યું, 'બાપુ, શ્રી અરવિંદને ધરાવવા કમળપુષ્પો લીધાં છે, આપ પણ એ નિમિત્તે જ આ કમળ સ્વીકારો.' બાપુએ મણીભાઇને કમળ સ્વીકારવા કહ્યું. ગૃહપતિને આ યાત્રા દરમ્યાન બાપુની અતીન્દ્રિય શક્તિ વિશે ખ્યાલ આવતો ગયો.

કમળ લઇને મણીભાઇ તથા બાપુ શ્રી અરવિંદનાં દર્શને ગયા. તેમને કોઇએ ન રોક્યા. અંદરના ખંડમાં યોગીશ્રી બિરાજમાન હતા. એક પછી એક દર્શનાર્થી આગળ વધી રહ્યા હતા. એ વખતે શ્રી અરવિંદે મુખ જરા ઢળેલું રાખ્યું હતું. ધ્યાનમગ્ન મુખમુદ્રા : આંખો બંધ : તરત જ શ્રી જગજીવન-બાપુનો વારો આવ્યો. બંને મહાયોગીઓ બરાબર સામસામે! શ્રી અરવિંદે બંધ આંખે પોતાની સામે ઊભેલા અતિનમ્ર તપો-ધનને આંતરચક્ષુવડે જોયા. તરત જ તેમનું શ્રીમુખ ઉપર ઊંચકાયું. ધીરે ધીરે તેમણે આંખો ખોલી. મુખ ઉપર આછું સ્મિત ઝળક્યું. ચારેય આંખો મળી. નજર સ્થિર થઇ ગઇ. આંખવડે જ પરસ્પર વાતચીત થઇ. વિચારોની આપલે પણ કરી. તે ગુપ્ત રાખવાની હોવાથી ભાવિકોએ વારંવાર પૂછવા છતાં બાપુએ પછીથી પણ તે ન જ જણાવી. તેમણે સમજાવ્યું. ''અમુક રહસ્યો તેના સમય કરતાં વહેલાં પ્રગટ કરવાની કુદરતની મનાઇ હોય છે.''

શ્રી અરવિંદનાં દર્શન કર્યા પછી બાપુ નિવાસસ્થાને ગયા.



બાપુએ મણીભાઇને કહ્યું, 'શ્રી અરવિંદનું શરીર હવે ઝાઝું નહીં ટકે.' મણીભાઇને શ્રી અરવિંદ પ્રત્યે સવિશેષ પક્ષપાત હતો એટલે આ સમાચારથી તેમને આંચકો લાગ્યો! તેમણે વિરોધી સૂર ઊઠાવીને કહી જ દીધું, 'અરે, એવું બને જ નહીં ને! શ્રી અરવિંદ તો સંપૂર્ણ સ્વસ્થ જણાયા.' બાપુએ સમજાવ્યું, 'યોગીઓ તો છેલ્લી ક્ષણ સુધી આવા જ રહી શકે.'

મણીભાઇનો વિશ્વાસ દૃઢ કરવા બાપુએ એક કાગળમાં તારીખ, વાર અને સમય લખ્યાં. આ કાગળ પરબીડિયામાં મૂક્યો. ગુંદરથી ચોંટાડીને મણીભાઇને જ સાચવવા આપ્યો. બાપુએ ગંભીર વાણીમાં સૂચન કરતાં જણાવ્યું, 'મણીભાઇ!... જો જો હં, આજ્ઞા સિવાય આ પરબીડિયું ખોલતા નહીં, સમય આવ્યે તમને ખોલવા જણાવીશ.' આમ કહીને ઉમેર્યું : 'છતાં, તમારી જાણ માટે એક એંધાણી આપું : જ્યારે શ્રી અરવિંદ દેહ છોડશે, ત્યારે તમારું ઘડિયાળ બંધ પડી ગયું, સમજજો.' મણીભાઇને વળી આશ્ચર્ય થયું : 'શ્રી અરવિંદના પ્રાણનો અને આ નિર્જીવ ઘડિયાળનો શો સંબંધ? શું ઘડિયાળ એનું પ્રતીક? એ શી રીતે સંભવે?' તેમની પાસે હવે એક જ જવાબ હતો. યોગીઓ શું ન કરી શકે? આ બધાયની સાબિતી મળી શકે તેમ હતી.

દર્શન કરીને પોંડિચેરીથી સીધા પહોંચ્યા કન્હનગઢ—શ્રી રામદાસ સ્વામીને પ્રણામ કરવા. તેઓ હતા મણીભાઇના ગુરુદેવ. એક પછી એક દિવસ વીતતો હતો. મણીભાઇ પેલી વાતને કેમેય ભૂલી શકતા નહોતા. 'હવે શ્રી અરવિંદનું શરીર કેટલું ટકશે?' તેઓ સીધેસીધું આ બાબતમાં બાપુને પૂછીય શકતા નહોતા. તેઓ પૂછે તોપણ બાપુ કહે જ નહિને?

ત્યાં અચાનક રેડિયો બોલી ઊઠ્યો! સ્વામી શ્રી રામદાસના

શાંત આશ્રમસ્થાનમાં જરા ખળભળાટ પણ મચી ગયો. મણીભાઈના કાન પણ સરવા થયા. જે વાત નહોતી સાંભળવી એ જ રેડિયોમાં વારંવાર ગાજવા લાગી હતી. 'પોંડિચેરીના યોગી શ્રી અરવિંદનો દેહવિલય!' મણીભાઈએ પોતાનું ઘડિયાળ જોયું. એ ક્યારનું બંધ પડી ચૂક્યું હતું. અને હવે પેલું પરબીડિયું? બાપુએ તે ખોલવા જણાવ્યું. મણીભાઈએ સાચવીને રાખ્યું હતું તે ખોલ્યું. તારીખ વાર અને પળ બધું જ મળતું આવતું હતું! તેમણે વિચાર્યું, 'બંને યોગીઓએ પરસ્પર આંખોદ્વારા આવી કેટલીયે વાતો કરી લીધી હશેને?' મણીભાઈ મૌનભાવે બાપુની સામે આવીને ઊભા રહ્યા. તેઓ નાનકડા સીમર ગામની આ વિભૂતિને અંતરથી પ્રણમી રહ્યા!

✡

સંશય અધૂરાજ્ઞાનમાં જ પેદા થાય છે. આને જ અજ્ઞાન કહે છે. સંશયનો ખટકો લાગે તો જીજ્ઞાસા પેદા થાય. — યોગેશ્વરજી

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.



**પૂજ્ય યોગેશ્વરજીદ્વારા રચાયેલ**

# રામચરિત માનસનું રસદર્શન—(૭)

સંકલન : **નિર્ભયરામ કા. વૈષ્ણવ**

ગુરુ વિશ્વામિત્રજી સાથે તેમના આશ્રમે જઈને યજ્ઞ કાર્યમાં વિઘ્નકર્તા અસૂરોનો સંહાર કર્યો. વિશ્વામિત્રજી હવે યજ્ઞો નિર્વિઘ્ને પૂર્ણ થશે તેવા ખ્યાલથી સંતોષ પામ્યા છે. રામ—લક્ષ્મણ બન્ને ભાઈઓને પોતે જાણતા હતા તેવી અનેક વિદ્યાઓ અર્પિત કરી ધન્યતા અનુભવે છે.

જનકપુરમાં હવે થોડા દિવસો બાદ એક ઉત્સવ ઉજવાશે. તેમાં જવાનું વિશ્વામિત્રજીને નિમંત્રણ મળેલું છે. તેમણે બન્ને ભાઈને આ ઉત્સવમાં હાજરી આપવા પોતાની સાથે લઈ જવાનું કહેતાં તેઓ સંમત થયા છે.

જનકપુરમાં ગુરુજી સાથે તેમના ઉતારે રોકાયા. ભવાની મંદિરે પાસેની પુષ્પવાટિકામાં ગુરુપૂજા માટે પુષ્પો લેવા આવેલા રામચંદ્રજીને સીતાજીએ જોયા. રામચંદ્રજીયે પણ સીતાજીને નિહાળ્યા. ફૂલો લઈ પરત આવ્યા પછી ગુરુજીએ પોતાની પૂજા પૂર્ણ કરી.

યોગેશ્વરજી અહીંથી કથાને આગળ વધારતા વર્ણવે છે.

કરી ભોજન મુનિવર જ્ઞાની, લાગ્યા કહેવા કથા પુરાણી,
થતાં શાંત ત્યાં સંધ્યાકાળ, છૂટા પડ્યા બે રાજકુમાર.

ગુરુજીથી છૂટા પડી પૂર્વ દિશામાં ઉદય પામેલા ચંદ્રમાને નિહાળે છે. આજે જ જોયેલા સીતાજીના મુખને ચંદ્રમા જેવું સુંદર માની સુખ પામ્યા. પણ તુર્ત મનમાં વિચાર આવ્યો કે

ચંદ્રમા તો સીતાજી સમાન સુખી નથી. ઊંડા વિચારે ચડેલા રામચંદ્રજીએ વિચાર્યું ચંદ્રમા તો ખારા સમુદ્રમાંથી જન્મ્યો છે. વિષ પણ ત્યાંથી જ ઉત્પન્ન થયું છે. આથી તે બન્ને ભાઇ ગણાય. દિવસે ચંદ્ર બિલકુલ નિસ્તેજ બની જાય છે, વળી તેના પર ડાઘ છે તે ઘટે વધે છે. વિરહિણી સ્ત્રીઓને, રાહુને, ચક્રવાકને અને કમળને દુઃખ પમાડનાર છે. આવા ઘણાં અવગુણવાળાને હું સીતાજી સાથે સરખાવવાની ધૃષ્ટતા કેમ કરી બેઠો? જાનકી જો જાણી જશે કે મને કલંકિત ચંદ્ર સાથે રામજી સરખાવે છે, તો તેઓ કેટલા દુઃખી થશે!

આમ સીતાજીના રૂપમાધુર્યને અંતઃકરણમાં પ્રસ્થાપિત કરીને પ્રભુ મોડી રાત થઇ જતાં ગુરુ આજ્ઞા મેળવી વિશ્રામ કરવા ગયા.

સવારે રામચંદ્રજી જાગૃત થયા ત્યારનું વર્ણન જોઇએ.

જાગી ગયા પ્રગટતા પ્રભાત, કહ્યું પ્રેમથી લક્ષ્મણ ભ્રાત,
ઊગ્યો પ્રાચીમાં પેલો અરુણ, દેતો પદ્મલોકને સુખ.

લક્ષ્મણજીનો પ્રતિભાવ પણ જાણવા જેવો છેઃ—

અરુણોદયથી કુમુદ સૌ પામ્યા આ સંકોચ;
તારાગણના તેજનો ખૂટ્યો સઘળો કોશ.
આપ આગમનથી થયા રાજા સૌ ભયભીત;
તમારા ઉદયથી બન્યા નિર્બળ ને ચિંતીત.

આપના આગમનથી સર્વે રાજાઓ બળહીન થઇ ગયા છે. રાત્રીનો અંત થવાથી જેમ કમળ, ભમરા, ચક્રવાક અને અનેક પક્ષીઓ આનંદીત થઇ ઊઠે છે તેમ હે પ્રભો! આપના સર્વે ભક્તો ધનુષ તૂટતાં સુખી થશે.

સુણી લક્ષ્મણના વચનોને કર્યું મંગલ મધુ સ્મિત રામે;
કરી સ્નાન ગુરુ પાસે આવ્યા, લાગ્યા આજ્ઞા પ્રમાણે કામે.



તે વખતે જનકરાજાએ મુનિ શતાનંદજીને સીતા સ્વયંવરમાં હાજરી આપવા વિશ્વામિત્રજીને આમંત્રણ આપવા મોકલ્યા. તેઓ આવતા જ...

શતાનંદના ચરણમાં રામે કર્યા પ્રણામ;
મુનિએ ત્યારે જનકના વચનો કહ્યાં તમામ.

પછી વિશ્વામિત્રજી રામ—લક્ષ્મણને સાથે લઇને સ્વયંવર માટેની રંગભૂમિમાં આવી પહોંચ્યા.

ગૌણ ગણી ગૃહકાર્યને જોતા લક્ષ્મણ રામ;
આબાલ વૃદ્ધ ઊમટ્યાં નેહ થકી નિષ્કામ.
દેખી ભારે ભીડને શુચિ સેવક જનકે;
કહ્યા પ્રમાણે આપવા લાગ્યા આસનને.

યોગેશ્વરજી અહીંથી હવે ચોપાઇઓ શરૂ કરે છે.

આવ્યા બન્ને રાજકુમાર, રૂપ તેમ ગુણના ભંડાર,
મનોહર હતાં ખૂબ શરીર, સુદર્શન હતા બન્ને વીર.
તારા મંડળ વચ્ચે બે, પૂર્ણચંદ્ર તેમા પ્રગટેલ નભે,
સોહી સુંદર એમ, રહ્યાં નૃપતિ મંડળોની મધ્યે.
જેની રહી ભાવના જેમ, પ્રભુ મૂર્તિ દેખાઇ તેમ,
જોયું નૃપે મહારણધીર, વીરરસે કે ધર્યું શરીર.
ડર્યાં કુટિલ નૃપ દેખી રામ, મૂર્તિ ભયાનક લાગી શ્યામ,
અસુરો છળથી વેશ ધરી, નૃપતિ તણો જે રહ્યાં ભળી.
પ્રગટ તેમને કામ સમા, દેખાયા રઘુવીર મહા,
નગરજનોએ માનવ જાત, અલંકાર શા બન્ને ભ્રાત,
વરસાવી સુખશાંતિ રહ્યાં, જોયા ભવ્ય સ્વયંવરમાં.

હાજર રહેલા જુદા જુદા વર્ગ સમુહે પ્રભુને નિહાળ્યા ત્યારે શું પરિસ્થિતિ સર્જાઇ તેનું વર્ણન જોઇએ.

નારી હર્ષાન્વિત બની નિજ મતિ રુચિ અનુસાર;
જોવા લાગી મૂર્તિમાં પ્રગટેલો શૃંગાર.
વિદ્વાનો એ વિરાટ રૂપ, પ્રભુને પેખ્યા દિવ્ય સ્વરૂપ;
બહુમુખ કર પગ લોચન શીશ, વર્ણવેલ વેદમહીં ઈશ.
જનકતણા પરિવારે તેમ, પ્રિય કોઈક સ્વજનની જેમ;
જનક સહિત જોતી રાણી, નિજ શિશુની જેમ જ શાણી.
પ્રીતિ વખાણી જાય નહીં, રાગે હૃદય રહેતું વહી;
રીતિ કથાય ન પ્રીતિ તણી, પ્રાણમહીં જે હોય વણી.
પરમ તત્ત્વમય સહજ પ્રકાશ, શાંત શુદ્ધસમ દિવ્ય અગાધ;
યોગીજને નિહાળ્યા એમ, મૂલાધાર જગતના જેમ.
હરિભક્તોએ ઈષ્ટ સ્વરૂપ, જોયું સુખદ પ્રશાંત અનૂપ;
સીતાનો સુખ સ્નેહભર્યો, ભાવ જાય કેમ ન કહ્યો.
અનુભવ છતાં કેમ કહે, કવિજન રહસ્ય કેમ લહે;
અવર્ણનીય અગોચર જે, સ્વરમાં કોણ સમાવે તે?
હતો જેમનો જેવો ભાવ, પેખ્યા એવા કોશલરામ;
દ્રષ્ટિ તેવી સૃષ્ટિ કહી, બની વાત એ સત્ય રહી.

આમ વિવિધ દ્રષ્ટિના પ્રતિભાવો કેટલું સત્ય કહી જાય છે?

અંતેઃ

રાજ્યા રાજ સમાજમાં કોશલરારજ કિશોર;
સુંદર શ્યામલ ગૌર તન, વિશ્વલોચન ચોર.

મહાત્મા યોગેશ્વરજીએ આ દ્રશ્યને તુલસીદાસ જોતા હોય તે રીતે આગળ વર્ણવતા કહ્યુંઃ

સહજ મનોહર મૂર્તિ બે, કોટિ કામની ઉપમા દે;
તોપણ લાગે તુચ્છ ખરે, એવા લાવણ્યભર્યાં એ.



દ્રષ્ટિ દિવ્ય ને મધુર ખરે, કામદેવનું હૈયું હરે;
હૃદયને રુચે શાંતિ ધરે, વર્ણન એનું કોણ કરે?
તિલક કલાત્મક ભાલ વિશાળ, આકર્ષક અલિગણથી વાળ;
મુકુટ મસ્તકે પુષ્પ કળી, એની વચ્ચે સરસ ધરી.
ગરદન પર ત્રણ રેખ જણાય, ત્રિભુવનનું સૌન્દર્ય પમાય.
કંઠે મૌક્તિક માળ ને સોહે તુલસી હાર;
સિંહસમા ઊભા રહ્યા, બલનિધિ બાહુ વિશાળ.
પિતાંબર કટિ પર ભાથુ, કરમાં બાણ ધનુષ પાછું;
નખથી શિખાસુધી સૌ અંગ, સુંદર ધારે ઓર જ રંગ.
જનતા જોઈ સુખી થઈ, એકાગ્ર બની આંખ ગઈ;
થયો જનકને હર્ષ અપાર, મુનિપદ ગ્રહ્યાં પુનિત તત્કાળ.

જનક રાજાએ ત્રણેયની સાથે ચાલતા ચાલતા આજના પ્રસંગની પૂરી વિગત સમજાવી છે અને મુનિને તેમની બેઠક ગ્રહણ કરવા વિનંતી કરી. વિશ્વામિત્રજીયે પણ વ્યવસ્થા જોઈ આનંદ વ્યક્ત કર્યો. જનકરાજાએ પણ આ સાંભળી પ્રસંગ સારી રીતે પૂર્ણ થવાની નમ્ર પ્રાર્થના કરી.

અંતેઃ—

સર્વ મંચથી સુંદર ઉજ્જવળ મંચ વિશાળ;
બેસાડ્યા ત્યાં બંધુને મહિપાલે મુનિસાથ.

(ક્રમશઃ)